# વિવાહ સંસ્કાર



: પ્રકાશક :

ફોન : ૪૯

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

નખત્રાણા - કચ્છ.

૩૭૦૬૧૫

For Reference See Pages: 7, 11.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

# વિવાહ સંસ્કાર



ઃ પ્રકાશક ઃ

ફોન : ૪૯

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

નખત્રાણા - કચ્છ.
૩૭૦૬૧૫

realpatidar.com

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# વિવાહ સંસ્કાર



: પ્રકાશક :

ફોન : ૪૯

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ

નખત્રાણા -કચ્છ.

૩૭૦૬૧૫

પ્રકાશક :

ફોન : ૪૯

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

નખત્રાણા-કચ્છ.

સંકલન :

હંશરાજભાઇ જોષી

M. A. B. Ed.

સાહિત્ય શાસ્ત્રી

પ્રથમ આવૃતિ :

નકલ : ૫૦૦૦ વર્ષ – ૧૯૮૭

કિંમત : ૬ ૦૦

મુદ્રક :

ધીરજલાલ જે. પટેલ

ઉમિયા પ્રિન્ટર્સ

સાર્વજનિક કુમાર છાત્રાલય,

લાલ ટેકરી,

ભુજ-કચ્છ.

ફોન : ૪૯

# શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

નખત્રાણા--કચ્છ.



ફોન : ૩૨

# શ્રી ઉમિયા માતાજી સંસ્થાન

મુ. વાંઢાય, પો. દેશલપર—કચ્છ.

# નિવેદન

આપણી કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈ–બહેનો કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા તેમજ ભારતભરનાં પ્રાંતોમાં વસી રહ્યા છે. આપણી જ્ઞાતિમાં લગ્નવિધિ એક જ રીતે થાય તેના માટે સમાજની ૧૯૭૭માં મળેલી પરિષદે ઠરાવ નં. ૧૭થી લગ્નવિધિની પુસ્તિકાઓ બહાર પાડવી એવું નક્કી કરેલ અને ભારતભરમાં વસતા આપણા સમાજે લગ્નવિધિની પુસ્તિકા પ્રમાણે વિવાહ સંસ્કાર કરવા એવું નક્કી કર્યું હતું. ત્યારબાદ આ પુસ્તિકાઓ છપાવવા માટે સમિતિની રચના કરવામાં આવી, પરંતુ સંજોગોવસાત લગ્નવિધિથી પુસ્તિકાઓ તૈયાર કરવાનું કામ અમલમાં મુકી શકાયું નહિ.

ત્યાર પછી છેલ્લે ૧૯૮૫માં આપણાં સમાજની પરિષદ ભરાઇ ત્યારે પણ આ પુસ્તિકાઓ બહાર પાડવા માટે સમજના ભાઈઓ તરફથી આગ્રહ કરવામાં આવ્યો અને તે વખતે પરિષદમાં હાજર રહેલ ભાઇ–બહેનોને આશ્વાસન આપવામાં આવ્યુ કે હવેથી લગ્નવિધની પુસ્તિકાઓ બહાર પાડવા નવેસરથી પ્રયત્નો કરશું.

આજે અમને ખૂબ આનંદ થાય છે કે પરિષદને અપાયેલું વચન ખૂબ ટુંકા ગાળામાં વિદ્વાન પંડિતોના તેમજ સમાજના સાથ અને સહકારથી લગ્નવિધિની પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

લગ્નવિધિનું સંપૂર્ણ લખાણ તૈયાર કરીને સમાજની જનરલ કારોબારી પાસે બે વખત વાંચન કરવામા આવ્યું ત્યારબાદ છેલ્લે તા ૧૫–૯–૮૫ ને રવિવારની સભામાં ટ્રસ્ટીઓ, કારોબારીના સભ્યશ્રીઓ, પેટા સમિતિના સભ્યશ્રીઓ, કચ્છભરના (તકેદારી) ન્યાય સમિતિના સભ્યશ્રીઓ તેમજ કલકત્તા. પૂના, મુંબઇ. સાબરકાંઠા, બનાસકાંઠા, સૌરાષ્ટ્ર વગેરેના ભાઇઓ સમક્ષ લગ્નવિધિની એક–એક આઇટમનું વાંચન થયા પછી અંતે છપાવવા માટે મંજૂરી આપવામાં આવી.

આ લગ્નવિધિની પુસ્તિકાની અંદર સગપણથી કરીને લગ્ન થાય ત્યાં સુધીની સમાજની લગ્ન અંગેની જે રૂઢીઓ અત્યારે પ્રચલિત છે તેને પણ ધ્યાનમાં લેવામાં આવી છે.

આ લગ્નવિધિની પુસ્તિકા તૈયાર કરવામાં ઘણા વિદ્વાનોએ અમુલ્ય સુચનો આપીને મદદ કરી છે, તેમનો ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ લગ્નવિધિની પુસ્તિકા અંગે અમૂલ્ય સૂચનો તેમજ પોતાનો અભિપ્રાય આપવા બદલ મુંબઈના શ્રી અનંતદેવ હરિશંકર શાસ્ત્રી (સાખ્ય-યોગ, વ્યાકરણાચાર્ય, કર્મકાંડ વિશારદ, જયોતિષ તત્વચિંતક) અને કડીયાદરા-સાબરકાંઠાના શ્રી કાન્તિભાઇ મહીંધરલાલ પંડયા (B.A., B.Ed., S.T.C., H.S.S., સંસ્કૃત મધ્યમા, કાવ્યતીર્થ )નો અમે ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ.

લગ્નવિધિની પુસ્તિકા તૈયાર કરવામાં શ્રી હંસરાજભાઇ મંગલદાસ જોશીએ પરિશ્રમ લઇને અમૂલ્ય સેવા આપી છે. તેમણે મુંબઈ, અમદાવાદ અને કચ્છની જુદી-જુદી જ્ઞાતિઓની લગ્નવિધિની પુસ્તિકાઓ તેમજ આર્યસમાજની લગ્નવિધિની પુસ્તિકાનો પણ અભ્યાસ કરીને આ કાર્યને સફળતાથી પૂર્ણ કરેલ છે, તેના માટે અમો તેમના આભારી છીએ.

શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ પટેલ
માનદ મંત્રી

શ્રી ખીમજીભાઇ નાગજીભાઇ પટેલ
પ્રમુખશ્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

હેડ ઓફિસ : ફોન-૪૯
પાટીદાર વિદ્યાર્થી ભવન,
નખત્રાણા-કચ્છ.

મહાશિવરાત્રી,
સંવત - ૨૦૪૩
તા. ૨૬-૨-૮૭

# અભિપ્રાય

વર્તમાનકાળમાં ધર્મવિજ્ઞાનનું સ્થાન રૂઢીઓએ લીધું છે. વૈદિક વિવાહ સંસ્કાર એ ધાર્મિક વિજ્ઞાન છે. સમજપૂર્વક વિવાહ સંસ્કાર થવો આવશ્યક છે.

સમસ્ત ભારત કચ્છ કડવા પાટીદાર સમાજમાં શાસ્ત્રીય રીતે લગ્નવિધિ થાય તે માટે સમાજના આગ્રહને ધ્યાનમાં લઇ પંડિત શ્રી હંસરાજ મંગલદાસ જોશીએ વિવાહ વિધિ તૈયાર કરી, દર્પણરૂપે સમાજને આપી છે. તે કાર્ય સ્તુત્ય છે. દરેક યુવાનો અને યુવતીઓએ લગ્ન કરતા પહેલા વૈદિક લગ્નવિધિ સમજી લઇ અને લગ્ન કરશે તો સાચા અર્થમાં દામ્પત્યજીવનનો આનંદ અનુભવી શકશે.

વિજયાદશમી
સંવત – ૨૦૪૨

અનંતદેવ હરિશંકર શાસ્ત્રી
(સાંખ્ય–યોગ, વ્યાકરણાચાર્ય,
કર્મકાંડ વિશારદ,
જ્યોતિષ તત્ત્વચિંતક)

૪૬, કાકડવાડી,
મુંબઇ-૪૦૦૦૦૪

# અભિપ્રાય

શ્રી સમસ્ત ભારત કચ્છ કડવા પાટીદાર સમાજે લગ્નની વિધિમાં એકસુત્રતા જળવાય તે દૃષ્ટિ નજર સમક્ષ રાખી લગ્નવિધિ માટે શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર પુસ્તિકા છાપવાનું નકકી કરી તે માટે વિદ્વાન શાસ્ત્રી શ્રી હંસરાજ મંગલદાસ જોશીને આ કાર્યની સોંપણી કરી જે પુસ્તિકા છાપવામાં આવી તે ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક છે. સમ.જમાં વૈદિકવિધિ અનુસાર કાર્ય થાય અને કોઇપણ પ્રકારની વિસંવાદિતા ન થાય તે પ્રત્યેક સમાજના લોકોને માટે સગત્યનું છે.

આ પુસ્તિકામાં આપવામાં આવેલ ક્રમ પદ્ધતિસરનો અને શાસ્ત્રીય છે, કોઇપણ કોઈપણ બ્રાહ્મણ જયારે લગ્નવિધિ કરાવે ત્યારે અને કોઇ પણ પ્રકારની અગવડ ન પડે અને એકસુત્રતા જળવાય તે માટે વૈદિક વિધિ અને સામાજીક રૂઢીઓની ગુજરાતીમાં સમજણ આપવામાં આવી છે.

વૈદિક વિધિ પ્રમાણે લગ્નવિધિ થાય તે માટે કરવામાં આવેલ પ્રયત્ન સ્તુત્ય છે.

કાન્તિભાઇ મહીંધરલાલ પંડયા
(B.A.(ii), B.Ed.(i),
S.T.C., H.S.S.,
સંસ્કૃત મધ્યમા, કાવ્યતીર્થ)

ગીતા જયંતિ,
સંવત – ૨૦૪૩
મુ. કડીયાદરા, જી. સાબરકાંઠા

# સામાજીક નિવેદન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ઠરાવમાં સ્વીકારેલ ક્રાંતિકારી કાર્યક્રમ સમુહ લગ્ન તથા છૂટક લગ્નનુ આયોજન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય મધ્યે ખુબજ સાદાઈથી કરવામાં આવે છે. જેને દિન પ્રતિદિન સારો પ્રતિભાવ મળી રહેલ છે.

સમાજના દરેક ભાઈ–બહેનને અમારી વિનંતી છે કે આપ આપના બાળકોને શ્રી ઉમિયા માતાજીના સાનિધ્યમાં પરણાવો અને માતાજીના શુભ આશિર્વાદ મેળવી ખોટા ખર્ચનો બચાવ કરો અને આ બચતને વિધવાઓના આસુ લુછવા તથા આપણી ભાવિ પેઢીના શિક્ષણ પાછળ વાપરો જેથી સમાજનો એકધારો વિકાસ થાય.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય મધ્યે વિદ્વાન બ્રાહ્મણ તથા લગ્ન માટેની જરૂરી તમામ સામગ્રીની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

અમને આશા અને અપેક્ષા છે આપ સમાજના ક્રાંતીકારી કાર્યક્રમમાં જોડાઈ સમાજમાં શિક્ષણનો વધુ ફેલાવો કરવા સાથ અને સહકાર આપશો જ.

**મંત્રી શ્રી,**
**શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ**

॥ श्री योगेश्वरो विजयतेंतराम् ॥

# સંપાદકીય નિવેદન

આજના કલિકાળમા જ્યારે વૈદિક વિધિનો સમાજમાંથી લોપ થતો જણાય છે. કર્મકાંડ પ્રત્યેની સૂગ ઊભી થતી જાય છે કર્મકાંડ ઉપર થતુ રહેલું આક્રમણ અને તેનો લોપ થતો અટકાવવા માટે શાસ્ત્રીય પધ્ધતિથી ટૂંકમાં પણ સમજણપૂર્વકની વૈદિક વિધિ આવશ્યક બને છે.

કચ્છ કડવા પાટીદાર સમાજે મને બોલાવી ને આ અંગે જ્યારે વાત કરી અને વૈદિક વિધિ પ્રમાણે લગ્નવિધિ થાય અને તે સમાજનાં પ્રત્યેક પ્રાન્તની વ્યકિતને માન્ય રહે તે રીતે લખવા જણાવ્યુ,ત્યારે લગ્ન એટલે શુ ? તેનું મહત્વ, રહસ્ય અને વિધિ પાછળનો હેતુ વગેરે ટૂંકમાં દર્શાવી ક્રિયાકાંડનો લોપ ન થાય તે રીતે અર્થપૂર્ણ રીતરિવાજોને આવરી લઇને પુસ્તિકા તૈયાર કરવાનું નક્કી કર્યું.

ધન્યો "ગૃહસ્થાશ્રમઃ"ની દિવ્યતા સમજાવી તેમાં પાવિત્ર્ય રહેલું છે એ સમજણ તો પૂજ્યપાદ તીર્થરૂપ દાદા ( વેદશાસ્ત્ર સંપન્ન પાંડુરંગ વૈજનાથ આઠવલે ) પાસેથી જ સાંપડી તેમનાં અનેક પ્રવચનો તેમજ સંસ્કૃતિ ચિંતન, સંસ્કૃતિ પુજન ઇત્યાદિનો આધાર લઇ એ પ્રાતઃ સ્મરણીય મહર્ષિના આશીર્વાદ લઇ કાર્ય કરવાની હું શકિત એકઠી કરી શકયો.

સંસ્કાર તરીકે લગ્નવિધિનો સ્વીકાર ભારતીય જીવનપ્રણાલીમાં થયેલો જ છે. લગ્નવિધિથી જોડાતા યુગલોને આ મંત્રો અને વિધિનાં રહસ્યથી જ્ઞાત કરવાનું કર્તવ્ય મને અનિવાર્ય લાગ્યું તેથી તે દિશામાં મે પ્રયત્ન કરેલ છે. આ વિવાહ પધ્ધતિ મુખ્યત્વે શુકલ યજુર્વેદીય પધ્ધતિ અને પારસ્કર ગૃહ્યસૂત્ર ઉપર આધારિત છે.

લગ્ન કરાવનાર પુરોહિત અને વિદ્વાન બ્રાહ્મણો લગ્ન કરાવવા બેસે ત્યારે તેમને અનુકૂળતા પડે તે માટે અહી સાંગોપાંગ વિધિનાં મંત્રો અને અન્ય રિવાજ આપેલ છે. એ સાથે જ આ વિવાહ સંસ્કારમાં

રસ લેતાં જિજ્ઞાસુ ભાઈ-બહેનો કે વિવાહ ગ્રન્થિથી જોડાનાર યુગલને પુર્ણ માર્ગદર્શન મળે તે માટે કયાંક-કયાંક વિધિ અને તેની સમજણ આપવાનો પણ પ્રયત્ન કરેલ છે. એમાં મારી શકિત બુદ્ધિ અને વિચાર પ્રમાણે શાસ્ત્રીય આધાર સહિત લગ્નવિધિ લખવામાં આવી છે કોઇપણ આવશ્યક અને અર્થપુર્ણ રૂઢી-રિવાજને અન્યાય ન થાય તેનું શકય તેટલું લક્ષ રાખ્યું છે.

આ પુસ્તિકાની હસ્તપ્રતને આદિથી અંત સુધી ઝીણવટપુર્વક વાંચી જઇ તેના વિષયો વિશે ચર્ચા વિચારણા કરી જરૂરી સુચનો કરનાર વિદ્વાન આચાર્યો શ્રી અનંતદેવ હરિશંકર શાસ્ત્રી અને શ્રી કાંન્તિભાઇ મહીંધરલાલ પંડયાનો હું અત્યંત આભારી છું. આ સિવાય અન્ય વિદ્વાનો સાથે પણ વિચારવિમર્શ કરવાનો લાભ મળ્યો છે, તેમનો પણ હું આભાર માનું છું.

કચ્છ કડવા પાટીદાર સમાજન વિવાહ અંગેના મહત્વનાં રિવાજો અંગેનું સંપુર્ણ માર્ગદર્શન સમાજના મંત્રી શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઈ પટેલ પાસેથી મળ્યું છે. તેમનો પણ હું અત્યંત આભારી છું.

જોશી હંસરાજ મંગલદાસ
(M. A. B. Ed.,
સાહિત્ય શાસ્ત્રી, રાષ્ટ્રભાષા
રત્ન, અનુજ્ઞાત)

"અભિષેક"
યોગેશ્વર સોસાયટી,
વિથોણ-કચ્છ.
સંવત ૨૦૪૩ મહાશિવરાત્રિ,
તારીખ ૨૬-૨-૮૭



# અનુક્રમણિકા

## ૧ નિવેદન વિભાગ



## ૨ વિવાહ સંસ્કાર પરિચય વિભાગ



## ૩ વિવાહ સંસ્કાર પ્રયોગ વિભાગ

| પુષ્પ | પરિમલ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૬ | સર્વપ્રાયશ્ચિત હોમ | ૨૩ |
| ૧૭ | રાષ્ટ્રભૃદ્ધોમ | ૨૩ |
| ૧૮ | જયાહોમ | ૨૫ |
| ૧૯ | અભ્યાતાન હોમ | ૨૬ |
| ૨૦ | અઝ્યાદિ પંચક હોમ | ૨૮ |
| ૨૧ | લાજાહોમ | ૨૮ |
| ૨૨ | અગ્નિપ્રદક્ષિણા – અશ્મારોહણ | ૩૦ |
| ૨૩ | પ્રાજાપત્ય હોમ – સ્વિષ્ટકૃત હોમ | ૩૨ |
| ૨૪ | સપ્તપદી | ૩૩ |
| ૨૫ | લગ્નપત્રિકા | ૩૪ |
| ૨૬ | સૂર્યદર્શન – સૌભાગ્યદાન ધ્રુવદર્શન | ૩૫ |
| ૨૭ | કંસારવિધિ | ૩૬ |
| ૨૮ | સ્થંભપુજન – બ્રાહ્મણપૂજન | ૩૬ |
| ૨૯ | ગણપતિદેવને નમસ્કાર | ૩૭ |
| ૩૦ | વધૂના સેંથામાં સિંદુર – આશીર્વાદ | ૩૭ |
| ૩૧ | કન્યા વિદાય | ૩૮ |

## ૪ પૂજન વિભાગ

| | | |
|---|---|---|
| ૩૨ | ગણપતિપૂજનમ | ૩૯ |
| ૩૩ | પૂણ્યાવાચન પ્રયોગ | ૪૭ |
| ૩૪ | માતૃકા – નવગ્રહ પુજન | ૪૯ |
| ૩૫ | માણેક સ્તંભ – મંડપ સ્તંભ પુજન | ૪૯ |

## ૫ પરિશિષ્ટ





(૧)

॥ શ્રીઃ ॥

(કૃષ્ણ યજુર્વેદીય તૈત્તિરીય – આરણ્યકે દશમ પ્રપાઠકે ત્રયોદશાનુવાકે)

# નારાયણોપનિષદ્

સહસ્રશીર્ષં દેવં વિશ્વાક્ષં વિશ્વશંભુવમ્ ।
વિશ્વં નારાયણં દેવમક્ષરં પરમં પદમ્ ॥૧॥
વિશ્વતઃ પરમાન્નિત્યં વિશ્વં નારાયણં હરિમ્ ।
વિશ્વમેવેદં પુરુષસ્તદ્વિશ્વમુપજીવતિ ॥૨॥

પતિં વિશ્વસ્યાઽઽત્મેશ્વરં શાશ્વતં શિવમચ્યુતમ્ ।
નારાયણં મહાજ્ઞેયં વિશ્વાત્માનં પરાયણમ્ ॥૩॥
નારાયણ પરો જ્યોતિરાત્મા નારાયણઃ પરઃ ।
નારાયણ પરં બ્રહ્મતત્ત્વં નારાયણઃ પરઃ
નારાયણ પરો ધ્યાતા ધ્યાનં નારાયણઃ પરઃ ॥૪॥

યચ્ચ કિંચિજ્જગત્સર્વં દૃશ્યતે શ્રૂયતેઽપિવા ।
અન્તર્બહિશ્ચ તત્સર્વં વ્યાપ્ય નારાયણઃ સ્થિતઃ ॥૫॥
અનન્તમવ્યયં કવિં સમુદ્રેન્તં વિશ્વશંભુવમ્ ।
પદ્મકોશ પ્રતીકાશં હૃદયં ચાપ્યધોમુખમ્ ॥૬॥

અધો નિષ્ટ્યા વિતસ્ત્યાન્તે નાભ્યામુપરિ તિષ્ઠતિ ।
જ્વાલમાલાકુલં ભાતિ વિશ્વસ્યાઽઽયતનં મહત્ ॥૭॥
સંતતં શિલાભિસ્તુ લમ્બત્યાકોશ સન્નિભમ ।
તસ્યાન્તે સુષિરં સૂક્ષ્મ તસ્મિન્સર્વં પ્રતિષ્ઠિતમ્ ॥૮॥

તસ્ય મધ્યે મહાનગ્નિર્વિશ્વાર્ચિર્વિશ્વતોમુખઃ ।
સોઽગ્રભુગ્વિભજન્તિષ્ઠન્નાહારમજરઃ કવિઃ ।
તિર્યગૂર્ધ્વમધઃ શાયી રશ્મયસ્તસ્ય સંતતા ॥૯॥
સંતાપયતિ સ્વં દેહમાપાદતલમસ્તકઃ ।
તસ્યમધ્યે વન્હિ શિખા અણીયોર્ધ્વા વ્યવસ્થિતઃ ॥૧૦॥

નીલતોયદમધ્યસ્થા દ્વિદ્યુલ્લેખેવ ભાસ્વરા ।
નીવારશૂકવત્તન્વી પીતા ભાસ્વસંગૂપમા ॥૧૧॥
તસ્યાઃ શિખાયા મધ્યે પરમાત્મા વ્યવસ્થિતઃ ।
સબ્રહ્મ સશિવઃ સહરિઃ સેન્દ્રઃ સોક્ષરઃ પરમઃ સ્વરાટ્ ॥૧૨॥

ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સૂકતમ્

**મંત્ર ૧ :-**

હરિઃ ૐ ॥ હિરણ્યવર્ણાં હરિણીં સુવર્ણ રજતસ્રજામ્ ।
ચન્દ્રાં હિરણ્મયીં લક્ષ્માં જાતવેદો મ આવહ ॥૧॥

તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિનીમ્ ।
યસ્યાં હિરણ્યં વિન્દેયં ગામશ્વં પુરૂષાનહમ્ ॥૨॥

અશ્વપૂર્વાં રથમધ્યાં હસ્તિનાદ પ્રબોધિનીમ્ ।
શ્રિયં દેવી મુપહ્વયે શ્રીર્માં દેવી જુષતામ્ ॥૩॥

કાંસોસ્મિતાં હિરણ્ય પ્રાકારાં આર્દ્રાં જવલન્તીં તૃપ્તાં તર્પયન્તીમ્ ।
પદ્મેસ્થિતાં પદ્મવર્ણાં તામિહોપવહયેશ્રિયમ્ ।૪॥

ચન્દ્રાં પ્રભાસાં યશસા જ્વલન્તીં શ્રિયં લોકે દેવ જુષ્ટામુદારામ્ ।
તાં પદ્મિનીમીં શરણ મહં પ્રપદ્યેઽલક્ષ્મીર્મે નશ્યતાં ત્વાં વૃણે ॥૫॥

**મંત્ર ૨ :-**

આદિત્યવર્ણે તપસોઽધિજાતો વનસ્પતિસ્તવવૃક્ષોથ બિલ્વઃ ।
તસ્ય ફલાનિ તપસાનુદન્તુ માયાન્તરાયાશ્ચ બાહ્યા અલક્ષ્મીઃ ॥૧॥

ઉપૈતુ માં દેવસખઃ કીર્તિશ્ચમણિના સહ ।
પ્રાદુર્ભુતોં સુરાષ્ટ્રેઽસ્મિન્ કીર્તિમૃદ્ધિં દદાતુ મે ॥૨॥

ક્ષુત્પિપાસમલાં જયેષ્ટાં અલક્ષ્મીં નાશયામ્યહમ્ ।
અભૂતિમસમૃદ્ધિં ચ સર્વાન્નિર્ણુદ મે ગૃહાત્ ॥૩॥

ગન્ધદ્વારાં દુરાધર્ષાં નિત્યપુષ્ટાં કરીષિણીમ્ ।
ઇશ્વરીં સર્વ ભૂતાનાં તામિહોપવહયે શ્રિયમ્ ॥૪॥

મનસઃ કામમાકૂતિં વાચઃ સત્યમશી મહિ ।
પશૂનાં રૂપમન્નસ્ય મયિ શ્રીઃ શ્રયતાં યશઃ ॥૫॥

**મંત્ર ૩ :-**

કર્દમેનપ્રજાભૂતા મયિ સંભવ કર્દમ ।
શ્રિયં વાસયમેકુલે માતરં પદ્મમાલિનીમ્ ॥૧॥

આપઃ સ્રજન્તુ સ્નિગ્ધાનિ ચિકલીત વસમે ગૃહે ।
નિ ચ દેવીં માતરં શ્રિયં વાસય મે કુલે ॥૨॥

આર્દ્રાં પુષ્કરિણીં પુષ્ટિં પિંગલાં પદ્મમાલિનીમ્ ।
ચન્દ્રાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥૩॥

આદ્રાં યઃ કરિણી યષ્ટિં સુવર્ણાં હેમમાલિનીમ્ ।
સૂર્યાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥૪॥
તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિનીમ્ ।
યસ્યાં હિરણ્યં પ્રભૂતં ગાવો દાસ્યોશ્વાન્ વિન્દેયં પુરૂષાનહમ્ ॥૫॥

મંત્ર ૪ :-

યઃ શુચિ પ્રયતોભૂત્વા જુહુયાદાજ્યમન્વહમ્ ।
સૂક્તં પંચદશર્ચં ચ શ્રીકામઃ સતતં જપેત્ ॥૧॥
પદ્માનને પદ્મઊરુ પદ્માક્ષિ પદ્મ સંભવે ।
તન્મે ભજસિ પદ્માક્ષિ યેન સૌખ્યં લભામ્યહમ્ ॥૨॥
અશ્વદાયૈ ગો દા યૈ ધનદાયૈ મહાધને ।
ધનં મે લભતાં દેવિ સર્વકામાંશ્ચ દેહિમે ॥૩॥
પદ્માનને પદ્મવિપદ્મપત્રે પદ્મપ્રિયે પદ્મદલાયતાક્ષિ ।
વિશ્વપ્રિયે વિષ્ણુમનોનુકૂલે ત્વત્પાદપદ્મ મયિ સંનિધત્સ્વ ॥૪॥
પુત્રપૌત્રં ધનંધાન્યં હસ્ત્યશ્વાદિગવે રથમ્ ।
પ્રજાનાં ભવસિ માતા આયુષ્મન્તં કરોતુમે ॥૫॥
ધનમગ્નિર્ધનં વાયુર્ધનં સૂર્યોધનં વસુઃ ।
ધનમિન્દ્રો બૃહસ્પતિર્વરુણં ધનમસ્તુ મે ॥૬॥
વૈનતેય સોમં પિબ સોમં પિબતુ વૃત્રહા ।
સોમં ધનસ્ય સોમિનો મહ્યં દદાતુ સોમિનઃ ॥૭॥
ન ક્રોધો ન ચ માત્સર્યં ન લોભો ના શુભામતિઃ ।
ભવન્તિ કૃતપુણ્યાનાં ભક્તાનાં શ્રી સૂક્તં જપેત્ ॥૮॥
સરસિજનિલયે સરોજ હસ્તે
ધવલતરાં શુકગન્ધમાલ્ય શોભે ।
ભગવતિ હરિવલ્લભે મનોજ્ઞે
ત્રિભુવન ભૂતિ કરિપ્રસીદમહ્યમ્ ॥૯॥
વિષ્ણુપત્નીં ક્ષમાં દેવીં માધવીં માધવપ્રિયામ્ ।
લક્ષ્મીં પ્રિયસખીં દેવીં નમામ્યચ્યુતવલ્લભામ્ ॥૧૦॥
મહાલક્ષ્મી ચ વિદ્મહે વિષ્ણુપત્ની ચ ધીમહી ।
તન્નો લક્ષ્મીઃ પ્રચોદયાત્ ॥૧૧॥
શ્રીવર્ચસ્વમાયુષ્ય મારોગ્યમા વિધાચ્છોભમાનં મહીયતે ।
ધાન્યં ધનં પશું બહુપુત્રલાભં શતસંવત્સરં દીર્ઘમાયુઃ ॥૧૨॥

* ઇતિ શ્રીસૂક્તં સમાપ્તમ્ *

# ॥ ધન્યો ગૃહસ્થાશ્રમઃ ॥

अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्ववस्थासु यद्
विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेनावरणात्ययात् परिणते यत्प्रेमसारे स्थितं
भद्रं प्रेम सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते ॥
— भवभूतिः

સુખ-દુઃખમાં અભેદ હોય છે તેવું, બધી જ અવસ્થાઓમાં અનુકૂળ, જ્યાં હૃદયનો વિસામો છે અને વાર્ધક્યને કારણે પણ જ્યાં રસની ન્યૂનતા થતી નથી, સમય વીતતાં આવરણ હટી જવાથી જે પ્રગાઢ પ્રેમમાં પરિણત થાય છે, દંપતિનો તેવો કલ્યાણકારી પ્રેમ બહુ કઠિનતાપૂર્વક પ્રાપ્ત થાય છે.

सानंदं सदनं सुताः च सुधियः कान्ता प्रियं भाषते
सन्मित्रं सुधनं स्वयोषितरतिः आज्ञापराः सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे
साधोः संगम् उपासते हि सततं धन्यो गृहस्थाश्रम ॥
(चाणक्यनीति)

આનંદદાયી ઘર, શાણાં સંતાન, પ્રિયવાદિની ભાર્યા, સારા મિત્રો, પવિત્ર ધન, પ્રિયતમા પત્ની, આજ્ઞાપાલક નોકર, આતિથ્ય, પ્રભુભક્તિ, સાત્વિક ભોજન અને સત્સંગ એટલે ધન્ય ગૃહસ્થાશ્રમ.

ॐ साम्राज्ञी श्वशुरे भव साम्राज्ञी श्वश्रवां भव ।
ननान्दरि साम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु ॥
ऋग्वेद – १०-८५-४६

હે કન્યા ! તું તારાં સાસરિયાં – સસરા, સાસુ, નણંદ. દિયર વગેરે તરફથી આદર પ્રાપ્ત કર. તેઓ તારૂં ગૌરવ કરો.



# * વિવાહ સંસ્કાર *

લગ્ન એ માનવજીવનની એક એવી નિશ્ચિત ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનાર મનુષ્યના પણ લગ્ન તો થઈ જ જાય છે.

કેવળ ભોગ વિલાસ માટે પરણતા માનવના જીવનમાં સંવાદિતા જોવા મળતી નથી. નિત્યનો વિવાદ એમના જીવનમાં વિખવાદ સર્જે છે. લગ્ન કરવાને માટે તે જ માણસ લાયક છે કે જેનામાં પ્રેમ કરવાની તાકાત છે. પ્રેમનું બીજું નામ છે સહનશીલતા. એકબીજાના ગુણ દોષે ને સહી લેવાની વૃત્તિ જ સફળ લગ્નની સર્જક બને છે. "With all thy faults I love thee." એ ઉભય પક્ષનો જીવનમંત્ર હોવો જોઈએ.

"Life is nothing but an adjustment" જીવનમાં સુયોગ્ય રીતે ગોઠવાઈ જવાની કલા એજ સફળ જીવનની ચાવી છે.

લગ્નમાં પુરૂષ કરતાં સ્ત્રીનું પ્રાધાન્ય વિશેષ છે, કારણ કે સ્ત્રીએ પોતાનું જીવન પુરૂષમાં ભેળવી નાખવાનું છે. લગ્ન એટલે પુરૂષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણનું સુભગ મિલન !

નદી જેમ પોતાના રંગ, રૂપ, આકાર અને સ્વાદને ત્યજીને સાગરમાં ભળી જાય છે તેમજ સ્ત્રી પણ પોતાનું સમગ્ર વ્યક્તિત્વ પુરૂષમાં ભેળવી નાખે છે. દૂધમાં ભળી ગયેલી સાકર દેખાતી નથી અને છતાં દૂધની મીઠાશને વધારે છે તે જ રીતે સ્ત્રી ગુપ્ત રહીને પુરૂષના જીવનની મધુરતાને વધારે છે.

'न गृहं गृह मित्याहुः गृहिणी गृहमुच्यते' એ કથન પણ નારી જીવનનું ગૌરવ વધારનારુ છે

પતિ-પત્નીના જીવનમાં કોઈ મહાન ધ્યેય હોવું જોઈએ; અને એ ધ્યેયવૃક્ષને બંને જણાએ સાથે મળીને જીવનવારિનું સિંચન કરવું જોઈએ. પતિના તેજની સામે ઝુકવામાં સ્ત્રીનો આનંદ અને પત્નીને કેવળ ભોગદાસી ન સમજતાં તેનું સાચું સન્માન કરવામાં પુરૂષની પ્રસન્નતા હોવી જોઈએ.

પતિ–પત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલ., વિશ્વાસપૂર્ણ અને સંશયથી પરે હોવા જોઇએ. સંસારના આ બધા મધુર ભાવો જો પ્રભુ તરફ વળે તો એ જ સાચી ભક્તિ બની રહે અને સામાન્ય Marriage નું રૂપાંતર Spiritual Marriage માં થઇ જાય

MARRIAGE એ શબ્દ પણ લગ્નજીવનમાં આવશ્યક ગુણોનું સૂચન કરે છે :–

## WHAT IS MARRIAGE?

M mergine आत्मसमर्पण

A ambition महत्वाकांक्षा

R respect सन्मान

R response आवकार (स्वागत)

I intimacy गाढ ऐक्य

A acredition विश्वास

G gaiety आनंद

E eternity शाश्वतता

" સંસ્કૃતિ પૂજન " માંથી

(૭)

# વિવાહ સંસ્થા

શાસ્ત્રનો અભ્યાસ કરતાં લાગે છે કે વિવાહ આમરણ હોવા જોઇએ. Marriage with us is a sacrament not a contract. વિવાહ સંસ્થા એવી હોવી જોઇએ કે તોડી ન શકાય. વિવાહ આમરણ બનાવવામાં જ તેનું ખરૂ સ્વાસ્થ્ય છે તેનું પણ કારણ છે. આમરણ વિવાહ સબંધના પરિણામે દંપતિના એકબીજા પ્રત્યે દ્દઢ ભાવના બંધાય છે. તેઓ એકબીજાના મનોવિકારો અને તરંગો સારી રીતે સમજી શકે છે. તેમની જીવન નીષ્ઠા પરિપકવ બને છે અગવડમાં એક-બીજાને સાથ આપી, આવેલી અગવડોનો હિંમતથી સામનો કરવાની તેમની માનસિક પુર્ણતૈયારી થઈ ચુકી હોય છે. એકબીજા માટે ગમે તેટલુ કષ્ટ વેઠી એકબીજાની હૂંફથી તે આવતી અગવડોમાંથી પાર ઉતરે છે. તેથી અગવડોમાં પાછા ફરવું, છૂટાછેડા લેવા એ વિચાર પણ તેમના માટે પ્રાપ ગણાય છે. ગમે તેવા સન્જોગોમાં ટકી રહેવું એ જ ખરૂં દાંપત્ય છે. તેથી વિવાહ આમરણ જ હોવા જોઇએ એમ આપણા શાસ્ત્રકારો કહે છે.

### સગોત્ર વિવાહનાં સમાજ પર પરિણામ :

પ્રાણીશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દષ્ટિથી વિચારીશું તો જણાશે કે બહુ પાસેના એટલે સગોત્ર વિવાહ અને બહુ દૂરના એટલે સમુહ બહારના પણ રકતસંબંધો ન થવા જોઇએ. આમાં દેશનો પણ વિચાર કરવો જરૂરી છે. સગોત્ર વિવાહથી તેની પ્રજા અકર્તૃત્વવાન થાય છે.

### સવર્ણ વિવાહ સંસ્થાની જરૂર :

સ્મૃતિકાર મનુ કહે છે કે વિવાહ સવર્ણમાં જ થવા જોઇએ. કન્યાની પસંદગીમાં માતાના પિયર વંશની અને પિતાનાં ગોત્રની કન્યાનો ત્યાગ કરવો જોઇએ. આપણે ત્યાં માતાની પાંચ પેઢી અને પિતાની સાત પેઢી સુધીનો વિવાહ વ્યવહાર ત્યાજ્ય ગણ્યો છે.

### વિવાહ માટે આવશ્યક નિયમો :

વિવાહ સંસ્થામાં નિયમો હોવા જ જોઇએ અને આ બંધનો, ચારિત્ર્ય, નૈતિકતા અને આધ્યાત્મિક વિકાસ વગેરે લક્ષમાં રાખીને પિંડગત પ્રગતિના નિયમોના આધારે નક્કી થયેલા હોવા જોઇએ.સમાજની ઉન્નતિ માટે સ્મૃતિકાર મનુએ આ બાબતમાં કેટલાક નિયમો આપ્યા છે. જેવા કે, વિવાહ આમરણ જ હોવા જોઇએ, અનન્ય પુર્વિકત્વ હોવું જોઇએ એટલે કે કુવારીનુ જ લગ્ન થાય. કન્યા કુંવારી હોય તો જ તે વિવાહ યોગ્ય ગણાય. લગ્ન થયેલી સ્ત્રીના ફરીથી મંગળ ફેરા ફેરવી શકાય નહિ વગેરે.

પરંપરાગત માનવી સંસ્કાર અપત્ય ઉપર દૃઢ થાય તે માટે કુટુંબમાં સ્ત્રી-પુરૂષ અચળ ઘટક હોવા જોઇએ. સાંસ્કૃતિક અને પિંડગત દૃષ્ટિથી આની અસર સંતતિ ઉપર થાય છે. હું અમુક કુટુંબની સ્થિર ઘટક છું એવો ભાવ સ્ત્રીને સતત રહેવું જોઇએ અને એનું જ નામ કુલસ્ત્રીત્વ પતિવ્રતા ધર્મ.

**કન્યાની વિવાહ યોગ્ય ઉમર :**

કન્યા રજસ્વલા થયા પછી ત્રણ વર્ષના ગાળામાં કન્યાને પરણાવવી જોઇએ કન્યાને પંદર-સોળ વર્ષે ઋતુદર્શન થાય છે. ત્યાર બાદ અઢાર ઓગણીસ વર્ષની થાય ત્યાં સુધી જો તેને યોગ્ય વર શોધી આપવામાં ન આવે તો લગભગ દરેક યુવાનમાં તે પોતાને યોગ્ય જીવનસાથી શોધતી હોય છે. પરિણામે તેનામાં વિકૃતિ નિર્માણ થાય છે. આજ કાલ તો મોટી ઉંમરે લગ્ન કરવાની ફેશન છે. પણ તેનાથી લગ્ન જીવન અને કૌટુંબિક જીવન બન્ને ઉપર માઠી અસર થાય છે.

" સંસ્કૃતિ ચિંતન " માંથી



# શ્રી કડવા પાટીદાર સમાજના વહીવંચા ભટ્ટ ખંડેરાવ રામસંગના ચોપડા પર આધારિત

## શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની પેટા શાખાઓ અને ગોત્ર સહિતની બાવન શાખાઓ

| ક્રમ | મુખ્ય શાખાઓ | પેટા શાખાઓ | ગોત્ર |
|---|---|---|---|
| ૧ | રૂસાત | દડગા | કાર્તિક ઋષિ |
| ૨ | માડલોત | લીંબાણી, આણંદાણી | ભૃગુ " |
| ૩ | ભેમાત | રામજીયાણી | જમદગ્નિ |
| ૪ | ડાકોતર | સેંઘાણી | અગસ્ત્ય |
| ૫ | મુંજાત | વેલાણી | અસિત ઋષિ |
| ૬ | ગામી | રામાણી, રવાણી, સેંગાણી, રાજાણી, વાલાણી, ધનાણી, દાનાણી, નાથાણી, રૂમાણી, ભોજાણી, મેપાણી, વાલજીઆણી ડોસાણી, સુરાણી, છભાણી, રૈયાણી, કમાણી, તેજાણી, પદમાણી. | વસિષ્ઠ " |
| ૭ | વિજાયત | (કચ્છમાં આવેલ નથી) | અંગીરસ ઋષિ |
| ૮ | ગોઠી | માકાણી | અર્યમા (અર્પમા અથવા સર્પમા) |
| ૯ | મોખાત | નાકરાણી, મેઘાણી, સોમજીયાણી, મોનાણી | ભારદ્વાજ ઋષિ |
| ૧૦ | કોક | (કચ્છમાં આવેલ નથી) | દિવક્ષ ઋષિ |
| ૧૧ | અમૃતીયા | રંગાણી | શૌનક " |
| ૧૨ | ટીલાત | માવાણી, સવાણી, લાલાણી, મેપાણી, બંધુકીયા | સૌભરી " |
| ૧૩ | મુંગલા | (કચ્છમાં આવેલ નથી) | કુંવાસં " |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | જુત | (કચ્છમાં આવેલ નથી) | પુલહ | ઋષિ |
| ૧૫ | કઠવાતર | (ચીકાણી) | રોમશ | " |
| ૧૬ | પહાણ | ઠાકરાણી | દધિચિ | " |
| ૧૭ | ભુવા | (સુરાણી, ભગત) પદમાણી, લોજાણી, નાયાણી, સામાણી, વાલાણી, સેંઘાણી, પેથાણી,સુરાણી, માનાણી,રતનાણી,ખેતાણી. | કશ્યપ | " |
| ૧૮ | ચેંચાટ | (કચ્છમાં આવેલ નથી) | વેદશીરા | " |
| ૧૯ | જુવાતર | જબવાણી, વાગડીઆ | ત્વષ્ઠા | " |
| ૨૦ | સોરઠા | (કચ્છમાં આવેલ નથી) | પતંજલિ | " |
| ૨૧ | લારી | (વાડીઆ) | ઉત્તંગ | " |
| ૨૨ | લાકોઠા | (કચ્છમાં આવેલ નથી) | શ્રુતદેવ | " |
| ૨૩ | ગોગરા | (ગોરાણી) હળપાણી, આનન્દુવાઈ, રાવરાણી, ડોસાણી. | યવરવ | " |
| ૨૪ | સાકરીયા | (ગૈયાત) વાસાણી, ભાદાણી, રવાણી. | શ્રૃંગી | " |
| ૨૫ | મજીઠીયા | (ભાગારી) | માર્કંડેય | " |
| ૨૬ | નવર | (સાંખલા) પ્રેમજીયાણી | દેવલ | " |
| ૨૭ | કવતર | (કચ્છમાં આવેલ નથી) | આસરી | " |
| ૨૮ | દાણી | ભાવાણી | શાંડિલ્ય | " |
| ૨૯ | ચેણીયા | (કચ્છમાં આવેલ નથી) | ગાલવ | " |
| ૩૦ | ચપલા | (કચ્છમાં આવેલ નથી) | અપાન્તરતમ | " |
| ૩૧ | ઢોતી | (ચૌધરી) | વાલ્મિકી | " |
| ૩૨ | હરણીયા | (કચ્છમાં આવેલ નથી) | ભોખ્ય | " |
| ૩૩ | ચપેલીયા | પજવાણી | માર્તંડ | " |

| | | | |
|---|---|---|---|
| ૩૪ | શેડીયા | (ભીમાણી) પરવાડીયા | પુલત્સ્ય ઋષિ |
| ૩૫ | લહુઆેટ | (ભગત) | રૂચિક " |
| ૩૬ | કલારા | (કચ્છમાં આવેલ નથી) | હિરણ્યલાભ " |
| ૩૭ | કાળપુછા | (કચ્છમાં આવેલ નથી) | કૌશલ્ય " |
| ૩૮ | વગદા | (કચ્છમાં આવેલ નથી) | યાજ્ઞવલ્ક્ય " |
| ૩૯ | ગોદાળ | (ચૌહાણ) | કૌશિક " |
| ૪૦ | શીરવી | (રૂડાણી) પાંચાણી, ઢાલાણી, મેઘાણી, સવજીયાણી, વસ્તાણી | ચ્યવન " |
| ૪૧ | એ ભક્કા | પારસીયા, | કપિલ " |
| | બી ભક્કા | કાલરીયા | પરાશર " |
| ૪૨ | કુંવારા | (કચ્છમાં આવેલ નથી) | કૃપાચાર્ય " |
| ૪૩ | ઢાનટોડયા | (કચ્છમાં આવેલ નથી) | કરણ્વ " |
| ૪૪ | ઢાંકણીયા | (કચ્છમાં આવેલ નથી) | જાતુ કર્ણ્ય " |
| ૪૫ | કરણાવત | (ઉકાણી) માજાણી, ખીમાણી, લાખાણી | મૈત્રીય " |
| ૪૬ | ઘોળુ | નરસીંગાણી | પીપલાદ " |
| ૪૭ | દિવાણી | (ખેતાણી)નાયાણી, કાનાણી, કાનજીઆણી | ગૌતમ " |
| ૪૮ | ઢેકાળ | (કચ્છમાં આવેલ નથી) | આદિતી અથવા આદિત્ય ઋષિ |
| ૪૯ | પોકાર | (બાથાણી)નરસીંગ ણી, સેંગાણી, પેથાણી, કેસરાણી, રતનાણી, લાખાણી, સુગાણી, દાનાણી, ભીમાણી, વડવાળી, ઉદેઠાઈ, ઉકેડાઈ લધાણી, ધનાણી, સાંગાણી, સામાણી, અજોરીયા | અત્રિ " |
| ૫૦ | ચોપટા | | કતુ " |
| ૫૧ | કોદાળ | (કચ્છમાં આવેલ નથી) | મીતૃદેવ " |
| ૫૨ | માંડવીયા | (પારેખ) (ભભોયા) કેસરાણી | અંગીરા " |

# વિવાહ સંસ્કાર પ્રયોગ:

વિવાહ સંસ્કાર વિધિના એક ભાગ રૂપે ગણુપતિપૂજન, સંક્ષિપ્ત પુણ્યાહ વાચન, મંડપ મુહૂર્ત, માતૃકા પૂજન, માણેકસ્તંભ પૂજન, વરઘોડો, પોંખવું વગેરે ક્રિયાઓ છે. આવી વિવિધ ક્રિયાઓનું વર્ણન પરિશિષ્ટમાં છે. અહીં પારસ્કર ગૃહ્યસૂત્રના આધારે વિવાહ વિધિ સંક્ષિપ્તમાં તૈયાર કરેલ છે.

**मधुपर्क प्रयोगः ।**

વિવાહ-સંસ્કાર વરના સ્વાગત માટે "મધુપર્ક પ્રયોગ" છે. આચાર્ય, ઋત્વિક, વર, રાજા, પ્રિય અને સ્નાતકમાંથી કોઈપણ આપણે ત્યાં આવે તો મધુપર્કથી પૂજન કરવું જોઈએ.

**आचम्य प्राणानायम्य ।**

પ્રથમ કન્યાના માતા-પિતાએ ત્રણ વખત આચમન કરીને सुमुखश्चेत्यादि० શ્લોક પૂર્ણ થયા બાદ મધુપર્ક પૂજનનો સંકલ્પ કરવો.

**संकल्प :–** अत्राद्य महामाङ्गल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे कन्यार्थिनं गृहागतं वरं मधुपर्केणार्चयिष्ये ।

तदङ्गत्वेन दिग्रक्षणं कलशाराधनं गणपतिपूजनं नवग्रहपूजनं च करिष्ये ।

**अथ मधुपर्कः**

એક કાંસાની વાટકીમાં દહીં, મધ, ઘી ભેગાં કરી વરને આપવુ. ⟶

---

પોંખવાની વિધિ પૂર્ણ થયા બાદ વરરાજાને માયરામાં પૂર્વાભિમુખ બેસાડવા. કન્યાનાં માતા પિતાએ ઉત્તરાભિમુખ બેસવુ.

પુરોહિતે શરૂઆતમાં સંક્ષિપ્તમાં દિગ્રક્ષણ, કલશપૂજન, ગણુપતિપૂજન, નવગ્રહ પૂજન વગેરે કરાવવું, ત્યારબાદ સંક્ષિપ્તમાં તૈયાર કરેલ મધુપર્ક પ્રયોગ કરાવવો.

ॐ मधुपर्को मधुपर्को मधुपर्कः प्रतिगृह्यताम् ।

ॐ प्रति गृह्णामि ॥

વરે વાટકીમાંથી મધુપર્કના મિશ્ર થયેલા દ્રવ્યનું અનામિકા અને અંગૂઠ વડે લઈને પ્રાશન કરવું.

ॐ यन्मधुनो मधव्यं परमं रूपमन्नाद्यम् ।

तेनाहं मधुनो मधव्येन परमेण रूपेणान्नाद्येन परमो मधव्योऽन्नादोऽसानि ॥

ત્યારબાદ વરને તિલક કરીને મધુપર્કાર્ચન થયાનો ઉત્તર સંકલ્પ મૂકવો.

अनेन मधुपर्कार्चनेन श्री परमेश्वरः प्रीयतां न मम ॥

---

મધુપર્કનું મિશ્ર થયેલું દ્રવ્ય આયુર્વેદની દષ્ટિએ વાર્ધક્ય લાવનાર, પરમાણુઓને નષ્ટ કરનાર દહીં, શરીરના અંગોને ઘસાતા અટકાવનાર મધ, બુદ્ધિ બલ વર્ધક ઘી છે.

મધ મધુર અને મનોહર છે. ઉત્તમ આહાર છે. સ્વાસ્થ્ય વર્ધક છે. હું પણ મધના સેવનથી તેના જેવા ગુણોવાળો સમર્થ, શ્રેષ્ઠ અને લોકપ્રિય બનું એવી ભાવના મધુપર્ક પ્રયોગમાં રહેલી છે.

આ મંત્રમાં સર્વત્ર માધુર્ય દર્શનનું અદ્‌ભુત વર્ણન છે. શતાયુષી થવ, અખંડ સૌભાગ્ય માટે દંપતિએ પ્રતિદિન મધુપર્ક-પાન કરવું જરૂરી છે, એવો સંકેત પણ છે.

મધુપર્ક પુજન બાદ વરે દારા પ્રતિગ્રહણનો સંકલ્પ કરવો.

अत्राद्य महामाङ्गल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ । अमुक वासरे धर्मार्थकाम प्रजा संतत्ति सिद्धयर्थं दारा प्रतिग्रहणं करिष्ये ।

## મંગલાષ્ટકમ્ ॥

श्री मत्पङ्कजविष्टरो हरिहरौ वायुर्महेन्द्रोऽनल
श्चन्द्रो भास्कर वित्तपालवरुण प्रेताधिपादि ग्रहाः ।
प्रद्युम्नो नलकूबरौ सुरगुरुश्चिंतामणिः कौस्तुभः
स्वामी शक्तिधरश्च लाङ्गलधरः कुर्यात्सदा मंगलम् ॥१॥

गौरी श्रीरदितिर्दितिश्च सुभगा कद्रूः सुपर्णा शिवा
सावित्री च सरस्वती च सुरभिः सत्यव्रताऽरुन्धती ।
स्वाहा जांबुवती च रुक्म भगिनी दुःस्वप्नविध्वंसिनी
वेला चाम्बुनिधेः समीनमकरा कुर्यात् सदा मंगलम् ॥२॥

---

પુર્વાભિમુખ બેઠેલા વરના આસનની સામે કન્યાને બેસાડવા માટે આસન રાખવું. શાસ્રોક્ત રીતે કન્યાદાન વખતે પુર્વાભિમુખ બેઠેલા વરની સામે (પશ્ચિમાભિમુખ) કન્યાને બેસાડવી વધારે ઉચિત છે, કારણ કે કન્યાના પિતા કન્યાનું દાન કરે છે, તેથી દાન આપવાનું પાત્ર દાનગ્રહણ કરનારની સન્મુખ હોવું જોઇએ.

કન્યાએ માયરામાં આવતી વખતે પતિના દીર્ઘાયુષ્ય માટે શંકર–પાર્વતીજી તથા કુળદેવી શ્રી ઉમિયા માતાનું સ્મરણ કરવું.

વર કન્યાના આસનની વચ્ચે વસ્રનું અંતરપટ ધરવું તેમજ કન્યાને માયરામાં પધરાવવા માટે કન્યાના સંબંધીઓને કહેવું. પુરોહિતે મંગલાષ્ટકના શ્લોકો બોલવા.

મંગલાષ્ટકમાં મંગલ સૂચક શ્લોકો છે. વાતાવરણને પ્રસન્ન બનાવવા, દેવોને પ્રાર્થના કરવા, વિવાહનું પાવિત્ર્ય સમજાવવા અને ઐતિહાસિક ચરિત્રોને યાદ કરી જીવનનો આદર્શ આપવા "મંગલાષ્ટક" છે. તે વખતે મોટા અવાજે બોલાતો 'સાવધાન' શબ્દ જીવનમાં જાગૃતિ લાવવાનું કહે છે. જીવનની દરેક નાની-મોટી બાબતમાં વર-વધૂએ સાવધાન થઇને એકબીજાની જવાબદારી સમજી દામ્પત્યજીવન સુખમય બનાવવાનું છે.

नेत्रःणि त्रितयं महत्पशुपतेरग्नेस्तु पादत्रयं,
तद्वद्विष्णुपदत्रयं त्रिभुवने ख्यातं च रामत्रयम् ।
गंगौघस्य गतित्रयं सुविमलं तद्वदृषीणां त्रयं
संध्यायास्त्रितयं द्विजैरभिमतं कुर्यात् सदा मंगलम् ॥३॥

गंगा गोमतिगोपतिर्गणपति गोविंद गोवर्धनौ
गीता गोमय गोरजो गिरिसुता गंगाधरो गौतमः ।
गायत्री गरुडो गदाधर गया गंभीर गोदावरी,
गाधर्वग्रहगोप गोकुलधरः कुर्यात् सदा मंगलम् ॥४॥

अश्वत्थो वटवृक्ष चन्दन तरुमंदार कल्पद्रुमो,
जांबुर्निबकदंबकाम्र सरला वृक्षाश्च ये क्षीरिणः ।
सर्वैस्तैः फलपुष्प पल्लवचरैर्युक्तैः सदा मंडितं
रम्यं चैत्ररथं सनंदनवनं कुर्यात् सदा मंगलम् ॥५॥

→

---

| | | | |
|---|---|---|---|
| सुमुहूर्तं सावधानम् | ॥१॥ | कन्यादाता सावधानः | ॥६॥ |
| शुभलग्नं सावधानम् | ॥२॥ | कन्या प्रतिग्राही सावधानः | ॥७॥ |
| आचार्यः सावधानः | ॥३॥ | वरकन्ये सावधाने | ॥८॥ |
| मदनफल सावधानम् | ॥४॥ | मीढकंकण सावधानः | ॥९॥ |
| मातापितरौ सावधानौ | ॥५॥ | लग्नघटिका सावधानः | ॥१०॥ |

पाणिग्रहणान्तरपलानि ६० अन्तर समयो वर्तते समय ।

ત્યારબાદ પુરોહિતે પ્રતિ શ્લોકે પળની સંખ્યામાં ૬૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦, ૧૦, ૫ અને પુર્ણનો સમય એ પ્રમાણે બોલવું.

ઉપરોક્ત સાવધાનાંત વાકયો લોકાચારને અનુસરીને લખ્યા છે તેમાં ફેરફારને અવકાશ છે.

મંગલાષ્ટકના શ્લોકો "બ્રહ્મનિત્ય કર્મ સમુચ્ચય"ના આધારે લખ્યા છે.

वाल्मीकः सनकः सनंदनमुनि र्व्यासो वसिष्ठो भृगु
र्जाबालिर्जमदग्निरत्रिजनकौ गर्गो गिरां गौतमः।
मांधता ऋतुपर्णवेन सगरा धन्यो दिलीपो नलः
पुण्यो धर्मसुतो ययातिनहुषौ कुर्यात् सदा मंगलम् ॥६॥

गंगा सिंधुसरस्वती च यमुना गोदावरी नर्मदा
कावेरी सरयूर्महेन्द्र तनया चर्मण्वती वेदिका।
क्षिप्रा वेत्रवती महासुरनदी ख्याता गया गंडकी,
पुण्याः पुण्यजलैः समुद्रसहिताः कुर्यात् सदा मंगलम् ॥७॥

लक्ष्मीः कौस्तुभ पारिजात कसुरा धन्वन्तरिश्चंद्रमा
गावः कामदुघा सुरेश्वरगजो रंभादिदेवाङ्गनाः।
अश्वः सप्तमुखः सुधा हरिधनुः शंखो विषं चाम्बुधे
रत्नानीति चतुर्दश प्रतिदिनं कुर्यात सदा मंगलम् ॥८॥

●●●●

---

**વર કન્યાએ હાર પહેરાવવા :–** મંગલાષ્ટક પુર્ણ થયા બાદ પુરોહિતે અન્તઃપટ દૂર કરવું, ત્યારબાદ વર કન્યાએ અરસ–પરસ હાર પહેરાવવા.

**કંકણુ :–** કન્યા જ્યારે માયરામાં આવે ત્યારબાદ વરની માતાએ કન્યાને કંકણુ પહેરાવવું. કંકણુ હાથીદાંતમાંથી બનાવવામાં આવે છે. સંસ્કૃતમાં તેને ગજદન્તઃ કહેવામાં આવે છે, આથી વન્ધ્યત્વનો દોષ દૂર થાય છે.

**મોડ :–** વરની માતાએ વધૂના માથાં ઉપર મોડ પહેરાવવી, લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહેલ અનેક સ્ત્રીઓમાંથી વૈશિષ્ટ્ય બતાવવા મોડ પહેરાવવાની વિધિ થાય છે.

# કન્યાદાન પ્રયોગઃ ॥

કન્યાદાન દેનાર પુરૂષે ઉત્તરાભિમુખ બેસીને આચનમ પ્રાણાયામ કરવું. પુરૂષની સ્ત્રીએ પણ જમણી બાજુ બેસીને આચમન કરવું.

**सङ्कल्प :**

ॐ विष्णु र्विष्णु र्विष्णु एवं गुणविशेषेण विशिष्टायां शुभपुण्यतिथौ अस्मिन्पुण्याहे अस्याः कन्याया अनेन वरेण धर्मप्रजया उभयोः वंशवृद्धयर्थं तथा च मम समस्त पितृणां निरतिशयानद ब्रह्मलोकावाप्त्यादि कन्यादान कल्पोक्त फलावाप्तये अनेन वरेण अस्यां कन्यायामुत्पादयिष्यमाणसंतत्यां दश पूर्वान् दशापरान् मां च एकविंशति पुरूषानुद्धर्तुं ब्रह्मविवाहविधिना श्री लक्ष्मींनारायण प्रीतये गोत्राच्चारपूर्वक कन्यादानमहं करिष्ये ।

वरस्य हस्ते सुप्रोक्षिता दिकग्णम् ।

તે પછી વરે પોતાનાં જમણા હાથની અંજલિ કન્યાદાન દેનાર પુરૂષસમીપ ધરી રાખવો.

કન્યાદાન દેનારે નીચે પ્રમાણે બોલીને વરની અંજલિમાં અર્પણ કરવું પ્રતિવચન વરે બોલવું.

આચમની જલ અર્પણ કરવુ – शिवा आपः सन्तुः ।

વરે પ્રતિવચન બોલવું – सन्तु शिवा आपः ।

વરને નમસ્કાર કરવા – सौमनस्यमस्तु । अस्तु सौमनस्यम् ।

અક્ષત આપવા – अक्षतं चारिष्टं चास्तु । अस्त्वक्षतमरिष्टं च ।

ચંદનના છાંટા નાખવા – गन्धाः पान्तु सौमङ्गल्यं चास्त्विति भवन्तो ब्रुवन्तु । सौमङ्गल्यं चास्तु ।

અક્ષત આપવા –

अक्षताः पान्तु, आयुष्यमस्त्विति भवन्तो ब्रुवन्तु । आयुष्यमस्तु ।

---

ઉપરોક્ત વિધિ પૂર્ણ થયા બાદ વર–કન્યાને તિલક કરવું.

પુષ્પો આપવા –

पुष्पाणि पान्तु, सौश्रिय मस्त्विति भवन्तो ब्रुवन्तु । सौश्रियमस्तु ।

નાગરવેલ પાન અને સોપારી આપવી –

ताम्बूलानि पान्तु, ऐश्वर्यमस्त्विति भवन्तो ब्रुवन्तु । ऐश्वर्यमस्तु ।

દક્ષિણા આપવી –

दक्षिणाः पान्तु बहुधनमस्त्विति भवन्तो ब्रुवन्तु । बहुधन मस्तु ।

આચમની ભરી જલ આપવું –

सकलाराधनै स्वर्चितमस्त्विति भवन्तो ब्रुवन्तु । सकलाराधनै स्वर्चितमस्तु ।

વર-કન્યા ઉપરથી ત્રણ વખત પાણી ફેરવીને દૂર નાખવું.

यत्पापं रोगम् अशुभम् अशुभम अकल्याणं तद्दूरे प्रतिहतमस्तु ।

## વરસ્ય ગોત્રોચ્ચાર:

१ अमुक गोत्रोत्पन्नस्य अमुमप्रवरस्य अमुकवर्मण प्रपौत्राय ।

२ अमुक गोत्रस्य अमुक प्रवरस्य अमुकवर्मणः पौत्राय ।

३ अमुक गोत्रस्य अमुकप्रवरस्य असुकवर्मणः पुत्राय अमुक नाम्ने वराय ।

## કન્યાયા ગોત્રોચ્ચાર

१ अमुक गोत्रस्य अमुक प्रवरस्य अमुकवर्मणः प्रपौत्रीम् ।

२ अमुक गोत्रस्य अमुकप्रवरस्य अमुकवर्मणः पौत्रीम् ।

३ अमुक गोत्रस्य अमुक प्रवरस्य अमुकवर्मणः पुत्रीम् अमुक नाम्नीं कन्याम् ।

उभयोः पाणिग्रहणं शुभं भवतु ।

---

૧ (વર કન્યાના ગોત્રોચ્ચારમાં ગોત્ર અને પ્રવરની સાથે પ્રથમમાં પિતાના દાદાનું નામ લેવું)

૨ (બીજી વખત પિતામહ (દાદા)નું નામ લેવું)

૩ (ત્રીજી વખત પિતાનું નામ લેવું સાથે વર-કન્યાનું નામ લેવું.)

(ઉપરોક્ત ગોત્રોચ્ચાર બધા માણસો સાંભળી શકે તે માટે ઉંચા સ્વરે બે-ત્રણ વખત અનુકૂળતા પ્રમાણે કરવામાં આવે છે તેના પાછળનો મુખ્ય હેતુ એ છે કે ઉત્તમ કુળના અને જુદા-જુદા ગોત્રના છે, પણ એક ગોત્રી નથી, જેથી વિવાહ શાસ્ત્રોક્ત રીતે ઉચિત થયો છે, તે જાણવા મળે છે.

બ્રાહ્મણ માટે શર્મણઃ, ક્ષત્રિય માટે વર્મણ અને વૈશ્ય માટે ગુપ્તસ્યઃ એવો ઉપયોગ થાય છે. અહિં "વર્મણ"નો ઉપયોગ કરવાનો છે.)

# અથ કન્યાદાન સંકલ્પઃ

કન્યાદાન દેનારે જમણા હાથમાં લગ્નપત્રિકા, દર્ભ, ચોખા સહિત જળ રાખવું સંકલ્પ પુર્ણ થયા પછી વરના જમણા હાથમાં અર્પણ કરવું.

ॐ विष्णु र्विष्णु र्विष्णुः एवं गुणविशेषेण विशिष्टायां शुभपुण्यतिथौ मम आत्मन श्रुतिस्मृति पुराणोक्त पुण्यफल प्राप्त्यर्थम् ईमां कन्यां कुलशील सौभाग्य दया दाक्षिण्यादि गुणगणयुतां सर्वावयवेषु ललितां चारोगां काञ्चन दिभि रुपकल्पितकुण्डल कङ्कण कटि सूत्राङनुपुरमुक्तामालादिभिर्यथाशक्ति वा अलङ्कृता तथा च मम समस्त पितृणाम् अखण्डनिरति शयान द ब्रह्मलोका वाप्त्यादि कन्यादान कल्पोक्त फलावाप्त्यर्थम् अस्यां कन्यायाम् उत्पादयिष्यमाण संतत्या दशपूर्वान्दशापरान् माञ्चैव एकविंशति पुरुषानुद्धर्तुकामः श्री उमिया माता प्रीतये अमूकगोत्रस्य अमूक प्रवरस्य अमूकनाम्ने वराय अमुक गोत्रस्य अमुक प्रवरस्य अमुकनाम्नीं कन्यां भार्यात्वेन तुभ्यमहं सम्प्रददे तेन भगवन्तौ लक्ष्मीनारायणौ प्रीयतां न मम ॥

એમ બોલીને લગ્નપત્રિકા, દર્ભ, અક્ષત, તુલસી, જલ સહિત કન્યાનો જમણો હાથ વરના જમણા હાથમાં આપવો.

કન્યાદાન વખતે વરે નીચે પ્રમાણે બોલીને દાનનો પ્રતિગ્રહ કરવો.

ॐ स्वस्ति । ॐ द्यौस्त्वा ददातु पृथिवी त्वा प्रतिगृह्णातु ।

કન્યાદાનના સંકલ્પ પછી કન્યાદાન દેનારે બે હાથ જોડી વરને પ્રાર્થના કરવી –

कन्यां लक्षण संपन्नां कनका भरणैर्युताम् ।
दास्यामिं ब्रह्मणे तुभ्यं ब्रह्मलोक जिगीषया ॥

पृथिव्यादि महाभूताः साक्षिण्यः सर्वदेवताः ।
इमां कन्यां प्रदास्यामि पितृणां तारणाय च ॥

→

---

રિવાજ :–

અહીં હસ્તમેળાપની સાથે લગ્નપત્રિકા પણ મુકવી.

मम वंशकुले जाता यावद्वर्षाणि पोषिता ।
तुभ्यं वर मया दत्ता पुत्रपौत्रविवर्धिनी ॥

गौरीं कन्यामिमां वि । यथाशक्ति विभूषिताम् ।
गोत्राय शर्मणें तुभ्यं दत्तां विप्र समाश्रय ॥

ત્યારબાદ કન્યાની માતાએ કહેવું કે :–

"मया अपि दत्ता" મેં પણ મારી દિકરી આપી તેના જવાબમાં વરે કહેવાનું કે,

"मया प्रतिगृहीता ।" મેં તેને સ્વીકાર કર્યો

પછી કન્યા પિતાએ વરને પ્રાર્થના વડે પ્રતિજ્ઞા કરાવવી

યઃ ત્વયા ધર્મઃ ચરિતવ્ય સઃ અનયા સહ ।
ધર્મે ચ અર્થે ચ કામે ચ ત્વયા ઇયં ન અતિચરિતવ્યા ॥

પ્રત્યુત્તરમાં ત્રણ વખત બોલવું

ધર્મ ચ અર્થે ચ કામે ચ અહં ન અતિચરામિ ।

# વરમાલારોપણ વિધિ

પુરોહિતે તૈયાર કરેલ વરમાલા કન્યાના કંઠમાં પહેરાવવી.

# વસ્ત્રગ્રંથિ બંધન – છેડા છેડી બાંધવી

કન્યાના ખોભાનો (સાડી) છેડો અને વરના ઉપવસ્ત્રના છેડા વડે છેડા છેડી બાંધવી.

---

કન્યાની માતા 'मया अपि दत्ता' એમ બોલે ત્યારબાદ કન્યાદાન પુર્ણ થાય. અહિં વિધિએ એ માતા પાસે સ્વતંત્ર વિધાન કરાવી માતૃત્વનું ગૌરવ કર્યું છે.


લગ્ન વખતે શાસ્ત્રકારોએ કન્યા પાસે પ્રતિજ્ઞા કરાવી નથી પરંતુ વર પાસે કરાવી છે.

આજથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પ્રકારના કર્મ પત્નીને અલગ રાખીને કરીશ નહીં.

ધર્મ, અર્થ અને કામ આ ત્રણ કર્મ બરાબર ગૃહસ્થાશ્રમ.

વરમાલા વર–વધૂનાં કંઠમાં પહેરાવવા પાછળનો હેતુ એ છે કે હવેથી આ બન્નેના વિચાર, આચાર તથા શરીરની એકતા થઇ ચૂકી છે.

છેડ છેડીનું રહસ્ય એ છે કે આપણે પહેલા જુદા હતા. હવે એક બંધનમાં બંધાયા છીએ, તેથી હવે સાથે મળીને રહીશું




પ્રથમ વરે પ્રાણાયામ કરીને સંકલ્પ લેવો.

संकल्पः अद्येत्यादि प्रारीप्सित कर्मणः मांगतासिद्धयर्थं भार्यात्वसिद्धयर्थं विवाहहोमम् अहं करिष्ये ।

पुनः संकल्प : (ફરીથી સંકલ્પ લેવો)

तदङ्गत्वेन निर्विघ्नतासिद्धयर्थं यथावकाश गणपतिपुजनं स्वस्तिपुण्याहवाचनं ब्राह्मणवरण स्थण्डिले पञ्चभूसंस्कार पूर्वकम् अग्निप्रतिष्ठापनादिकं कर्म च करिष्ये ।

પુરોહિતે गणानान्त्वां गणपतिं । એક મંત્રથી ગણપતિનું પૂજન કરવું. સંક્ષિપ્તમાં પુણ્યાહવાચન કરીને સ્થંડિલ ઉપર સંક્ષિપ્તમાં પાંચ સંસ્કાર કરવા.

१ दर्भैः त्रिः परिसमूह्य ।

२ गोमयोदकेन त्रि उपलिप्य ।

३ यज्ञकाष्टेन स्रुवेण त्रि उल्लिख्य ।

४ अनामिकाङ्गुष्ठाभ्याम त्रि उद्धृत्य

५ जलेन त्रि अभ्युक्ष्य ।

પુરોહિતે સંપુટ રાખીને કુમારકા પાસેથી અગ્નિ મંગાવીને તેનો અલ્પ ભાગ નૈઋત્ય ખૂણમાં નાખવો, બાકીનો અગ્નિ વેદિકા ઉપર સ્થાપન કરવો. અગ્નિ લાવનાર કુમારકાને વરપક્ષ તરફથી દક્ષિણા અપાવવી.

अग्निपूजनम् :– ચંદન-પુષ્પ વડે અગ્નિનું પૂજન કરવું.

ॐ अग्निं दूतं पुरोदधे हव्यवाहमुपब्रुवे । देवां २ आसादयादिह । विवाहे योजक नाम अग्नये नम सर्वोपचारार्थे गन्धाक्षत पुष्पाणि समर्पयामि ।

"समिधोऽभ्याधाय स्वाहा'' વિધિ પુર્ણ થયા બાદ વરે ડાબો હાથ છાતીએ અડકાડીને જમણે હાથે ઘીની ચાર આહુતિઓ આપવી સુવમાં વધેલું ઘી પ્રોક્ષણીપાત્ર માં મૂકવું

(मनसा,) ॐ प्रजापतये स्वाहा । इदं प्रजापतये न मम ॥१॥
ॐ इन्द्राय स्वाहा । इदं इन्द्राय न मम ॥२॥
ॐ अग्नये स्वाहा । इदं अग्नये न मम ॥३॥
ॐ सोमाय स्वाहा । इदं सोमाय न मम ॥४॥

ત્યારબાદ દ્રવ્ય ત્યાગનો સંકલ્પ કરવો.

मया सम्पादितानीमानि हवनीय द्रव्याणि या या यक्ष्यमाण देवतास्ताभ्यस्ताभ्यो मया परित्यक्तानि न मम । यथा दैवतमस्तु ।

अग्निपूजनम् –

ॐ अग्नेनयसुपथारायै अस्मान्निविश्वानिदेववयुनानिविद्वान् । युयोद्ध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठान्तें नमऽउक्तिं विधेम ॥

ॐ भूर्भुवः स्व विवाहे योजकनाम्ने वैश्वानराय नमः सर्वोपचारार्थे गन्धाक्षतपुष्पाणि समर्पयामि ।

---

कुशकाण्डका :–

બ્રહ્મનિત્ય કર્મ સમુચ્ચય તેમજ અન્ય ગ્રંથોમાં કુશકંડિકા આપેલ છે. તે પ્રમાણે વિવાહહોમની પૂર્વતૈયારી કરવી દક્ષિણ દિશામાં બ્રહ્માનું સ્થાપન-પૂજન કરવું વેદીના ઉત્તરમાં પ્રણીતાપાત્ર, અશ્મારોહણ પત્થર રાખવે.

સાત દર્ભો બાંધીને ડાબા હાથમાં લઈ હૃદયને અડાડી રાખી જમણા હાથમાં ત્રણ સમિધો લઈ અગ્નિમાં હોમવા. તે વખતે "समिधोऽभ्याधाय स्वाहा''એમ બોલવું.

વિવાહ વખતે અગ્નિનું નામ યોજક (જોડનાર) છે. જે નામ અર્થપૂર્ણ છે. વિવાહહોમની વિવિધ પ્રકારની આહુતિઓમાં વિવિધ પ્રકારના સામર્થ્યની પ્રાર્થના છે.

# અથ સર્વપ્રાયશ્ચિત હોમ:

વરે સર્વપ્રાયશ્ચિત હોમ કરવો.

(१) ॐ भूः स्वाहा । ईदं अग्नये न मम ।

(२) ॐ भुव स्वाहा । ईदं वायवे न मम ।

(३) ॐ स्व स्वाहा । इदं सूर्याय न मम ।

(४) ॐ त्वं नो अग्ने वरुणस्य विद्वान् देवस्य हेडों अवयासिसीष्ठाः । यजिष्ठो वह्नितमः शोशुचानो विश्वा द्वेषांसि प्रमुमुग्ध्यस्मत् ।। स्वाहा इदं अग्निवरुणाभ्यां न मम ।

(५) ॐ अग्निवरुणाभ्यांस्वाहा । इदं अग्निवरुणभ्यां न मम ।

(६) ॐ अग्नये अयसे स्वाहा । इदं अग्नयें अयसे न मम ।

(७) ॐ वरुणाय सवित्रे विष्णवे विश्वेंभ्यो देवेभ्यो मरुद्भयः स्वर्केभ्यश्च स्वाहा । इदं वरुणाय सवित्रे विष्णवे विश्वेंभ्योदेंवेंभ्यों मरुभ्दयः स्वर्केभ्यश्च न मम ।

(८) ॐ वरुणायादित्यायादितये स्वाहा । इदं वरुणायादित्यायादितयें न मम ।

# રાષ્ટ્રભૃદ્ધોમ:

વરે રાષ્ટ્રભૃત્ હોમનો સંકલ્પ કરીને હોમ કરવો.

संकल्प — ऋतषाड़ित्यादि द्वादशानां प्रजापतिऋर्षि तत्तन्मन्त्रोक्ता देवताः यजुश्छन्दः राष्ट्रभृद्धोमें विनियोगः ।

ॐ ऋताषाड्ऋधामाग्निर्गन्धर्वः स नऽइद ब्रह्मक्षत्रं पातुतस्मैं स्वाहावाद् ।।
इदमृताषाहे ऋतधाम्ने अग्नये गंधर्वाय न मम ।।१।।
ॐ औषधीर्भ्योऽप्सरोभ्यो मुभ्दयः स्वाहा ।
इदम् औषधीभ्योऽप्सरोभ्यों मुभ्दयो न मम ।।२।।
ॐ संहिताय विश्वसाम्ने सूर्याय गंधर्वाय स्वाहा ।
इदम् संहिताय विश्वसाम्ने सूर्याय गंधर्वाय न मम ।।३।।

ॐ मरीचिभ्योऽप्सरोभ्य आयुभ्यः स्वाहा ।
इदम् मरीचिभ्योप्सरोभ्य आयुभ्यो न मम ॥४॥

ॐ सुषुम्णाय सूर्यरश्म्ये चन्द्रमसें गंधर्वाय स्वाहा ।
इदम् सुषुम्णाय सूर्यरश्मये चन्द्रमसे गंधर्वाय न मम ॥५॥

ॐ नक्षत्रेभ्योऽप्सरोभ्यो भेकुरिभ्यः स्वाहा ।
इदम् नक्षत्रेभ्योऽप्सरोभ्यो भेकुरिभ्यों न मम । ॥६॥

ॐ इदमिषिराय विश्वव्यचसें वाताय गंधर्वाय स्वाहा ।
इदमिषिराय विश्वव्यचसे वाताय गंधर्वाय न मम ॥७॥

ॐ अद्भ्योंऽप्सरोभ्य उर्भ्यः स्वाहा ।
इदम् अद्भ्योऽप्सरोभ्य उर्भ्यों न मम ॥८॥

ॐ भुज्यवें सुपर्णाय यज्ञाय गंधर्वाय स्वाहा ।
इदम् भुज्यवे सुपर्णाय यज्ञाय गंधर्वाय न मम ॥९॥

ॐ दक्षिणाभ्योऽप्सरोभ्यस्तावभ्य स्वाहा ।
इदम् दक्षिणाभ्योंऽप्सरेभ्यस्तावभ्यो न मम ॥१०॥

ॐ प्रजापतये विश्वकर्मणें मनसें गंधर्वाय स्वाहा ।
इदम् प्रजापतये विश्वकर्मणें मनसे गंधर्वाय न मम ॥११॥

ॐ ऋक्सामभ्योऽप्सरोभ्य एष्टिभ्य स्वाहा ।
इदम् ऋक्सामभ्योऽप्सरोभ्य एष्टिभ्यों न मम ॥१२॥

---

રાષ્ટ્રભૃત્ હોમમાં અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ, પ્રજાપતિ વગેરે દેવોને આહુતિ આપીને રાષ્ટ્રને ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત કરવા માટે અગ્નિ દેવને પ્રાર્થના કરવામાં આવે છે. વર પોતાના જીવનમાં આવનાર વિપત્તિઓથી બચવા માટે દેવો તથા પિતૃઓને પ્રાર્થના કરે છે. રાષ્ટ્ર ઉન્નત બને તેવી અભિલાષાની ભાવના પણ રહેલી છે.

(અહિં પ્રથમ આહુતિમાં સંપુર્ણ મંત્ર લખેલ છે. ત્યારબાદ નામ મંત્ર સંક્ષિપ્તમાં લખેલ છે, દરેક આહુતિ વખતે સંપુર્ણ મંત્રનો ઉચ્ચાર પણ આવશ્યક છે.)

# જયાહોમ:

(વરે જયા હોમનો સંકલ્પ કરીને હોમ કરવો)

**संकल्प :-** चित्तंचेत्यादि त्रयोदशमंत्राणां परमेष्ठी ऋषिः सर्वाणि यजुंषि छन्दांसि लिंगोक्ता देवताः विवाहकर्मणि जयाहोमे विनियोगः ।

ॐ चित्तं च स्वाहा । इदम् चित्ताय न मम॥ १

ॐ चित्तिश्च स्वाहा । इदम् चित्त्यै न मम ॥ २

ॐ आकूतं च स्वाहा । इदम् आकूताय न मम ॥ ३

ॐ आकूतिश्च स्वाहा । इदम् आकूत्यै न मम ॥ ४

ॐ विज्ञातं च स्वाहा । इदम् विज्ञाताय न मम ॥ ५

ॐ विज्ञातिश्च स्वाहा । इदम् विज्ञात्यै न मम ॥ ६

ॐ मनश्च स्वाहा । इदम् मनसे न मम ॥ ७

ॐ शक्वर्यश्च स्वाहा । इदम् शक्वरीभ्यो न मम ॥ ८

ॐ दर्शश्च स्वाहा । इदम् दर्शाय न मम ॥ ९

ॐ पौर्णमासं च स्वाहा । इदम् पौर्णमासाय न मम॥१०

ॐ बृहच्च स्वाहा । इदम् बृहते न मम॥ ११

ॐ रथन्तरं च स्वाहा । इदम् रथन्तराय न मम॥ १२

ॐ प्रजापतिर्जयानिन्द्राय वृष्णे प्रायच्छदुग्रः पृतनाजयेषु ।
तस्मैविशः समनमन्त सर्वाः सउग्रः सइहव्योबभूव स्वाहा ॥
इदम् प्रजापतये जयानिन्द्राय न मम ॥ १३

---

જયાહોમની આહુતિઓમાં વર-વધૂને ચેતના શક્તિ, સંકલ્પ શક્તિ, વિજ્ઞાન શક્તિ તેમજ દસ ઇન્દ્રિયોની શક્તિ પ્રાપ્ત થાય એવી ભાવના કરવામાં આવી છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર વર-વધૂએ આવી પડનારી મુશ્કેલીઓ પર વિજય મેળવવાનો છે.

# અભ્યાતાન હોમ:

( વરે અભ્યાતાન હોમનો સંકલ્પ કરીને હોમ કરવો )

संकल्प :— अग्निर्भूतानामित्याद्यष्टादशानां मंत्राणां प्रजापतिऋर्षिः त्रिष्टुप्छन्दः तत्तन्मन्त्रोक्ता देवताः अभ्यातान होमे विनियोगः ।

ॐ अग्निर्भूतानामधिपतिः समावत्वस्मिन्ब्रह्मण्य स्मिन्क्षत्रेस्या माशिष्यस्यां पुरोधाया मस्मिन्कर्मण्यस्यां देवहूत्या७ं स्वाहा ॥

इदम् अग्नये भूतानामधिपतये न मम ॥१॥

ॐ इन्द्राय ज्येष्ठानामधिपतये स्वाहा ।

इदमिन्द्राय ज्येष्ठानामधिपतये न मम ॥२॥

(યમની આહુતિ વખતે અન્તર્પટ રાખવો)

ॐ यमाय पृथिव्या अधिपतये स्वाहा ।

इद यमाय पृथिव्या अधिपतये न मम ॥३॥

ॐ वायवेऽन्तरिक्षस्याधिपतये स्वाहा ।

इदं वायवेऽन्तरिक्षस्याधिपतये न मम ॥४॥

ॐ सूर्याय दिवे धिपतये स्वाहा ।

इदं सूर्याय दिवोधिपतये न मम ॥५॥

ॐ चन्द्रमसे नक्षत्राणामाधिपतये स्वाहा

इद चन्द्रमसे नक्षत्राणामधिपतये न मम ॥६॥

ॐ बृहस्पतये ब्रह्मणोऽधिपतये स्वाहा ।

इदं बृहस्पतये ब्रह्मणोऽधिपतये न मम ॥७॥

ॐ मित्राय सत्यानामधिपतये स्वाहा ।

इद मित्राय सत्यानामधिपतये न मम ॥८॥

ॐ वरुणायापामधिपतये स्वाहा ।

इदं वरुणायापामधिपतये न मम ॥९॥

ॐ समुद्राय स्रोत्यानामधिपतये स्वाहा ।

इद समुद्राय स्रोत्यानामाधिपतये न मम ॥१०॥

ॐ अन्नाय साम्राज्यानामधिपतये स्वाहा ।
इदमन्नाय सामाज्यानामधिपतये न मम ॥११॥

ॐ सोमयौषधीनामधिपतयें स्वाहा ।
इदं सेंामायौषधीनामधिपतयें न मम ॥१२॥

ॐ सवित्रे प्रसवानामधिपतये स्वाहा ।
इदं सवित्रे प्रसवानामधिपतयें न मम ॥१३॥

(રુદ્રની આહૂતિ વખતે અન્તર્પટ રાખવો)
ॐ रुद्राय पशूनामधिपतये स्वाहा ।
इदं रूद्राय पशुनामधिपतये न मम ॥१४॥

ॐ त्वष्ट्रे रुपाणामधिपतयें स्वाहा ।
इदं त्वष्ट्रे रुपाणामधिपतयें न मम ॥१५॥

ॐ विष्णवे पर्वतानामधिपतये स्वाहा ।
इदं विष्णवे पर्वतामधिपतये न मम ॥१६॥

ॐ मरुदभ्यो गणानामधिपतिभ्य स्वाहा ।
इदं मरूदभ्यो गणानामधिपतिंभ्यो न मम ॥१७॥

(પિતૃની આહૃતિ વખતે અન્તર્પટ રાખવો)
ॐ पितरः पितामहाः परेवरेततास्ततामहेभ्यश्च स्वाहा ।
इदं पितृभ्यः पितामहेभ्यः परेभ्योऽवरेभ्यस्ततेभ्यस्त-
तामहेभ्यश्च न मम ॥१८॥

---

અભ્યાતાન હોમમાં ૧૮ દેવોને આહુતિઓમાં વિવાહિત થયેલ વર–વધૂને જીવન વિકાસના કાર્યોમાં નવી નવી આવશ્યકતા ઉભી થશે ત્યારે આ દેવો તેમને મદદ કરશે તેવી અહિં ભાવના રહેલી છે.

અગ્નિ, ઈન્દ્ર, યમ, વાયુ, સૂર્ય, નક્ષત્રોના અધિપતિ ચંદ્ર, વાણીના અધિપતિ બૃહસ્પતિ, મિત્ર, વરૂણ, સમુદ્ર, અન્ન, ઔષધિના અધિપતિ ચંદ્ર, ઉત્પન્ન થતા પદાર્થોના અધિપતિ સવિતા, પ્રાણોના અધિપતિ રૂદ્ર, દરેક આકૃતિના અધિપતિ ત્વષ્ટા, પર્વતોના અધિપતિ વિષ્ણુ, મરૂત્ પિતૃઓ રક્ષા કરો.

(યમ, રૂદ્ર અને પિતૃની આહુતિ વખતે અન્તર્પટ રાખવો આહુતિ પુર્ણ થયા બાદ વરના બન્ને નેત્ર અને કાનને જળનો સ્પર્શ કરાવવો. પ્રથમ આહુતિમાં સંપર્ણ મંત્ર લખેલ છે, જે પ્રત્યેક આહુતિ માટે ઉપયોગી છે.

# અગ્ન્યાદિ પંચક હોમ:

(વરે સંકલ્પ કરીને હોમ કરવો)

સંકલ્પ: अग्निरैत्वित्यादिपंचानां प्रजापतिर्ऋषिरतिमन्य संकर्षणर्षिरग्निर्देवता चतुर्थस्य वैवस्वतो देवता पंचमस्य मृत्युर्देवता त्रिष्टुप्छन्दः सर्वेषां होमे विनियोगः ।

ॐ अग्नये स्वाहा । इदम् अग्नये न मम ॥ १

ॐ अग्नये स्वाहा । इदम् अग्नये न मम ॥ २

ॐ अग्नये स्वाहा । इदम् अग्नये न मम ॥ ३

ॐ वैवस्वताय स्वाहा । इदम् वैवस्वताय न मम ॥ ४

(મૃત્યુદેવતાની આહુતિ વખતે અન્તર્પટ રાખવો અને પૂર્વવત્ ઉદક સ્પર્શ કરવો)

ॐ मृत्यवे स्वाहा । इदम् मृत्यवे न मम ॥ ૫

## લાજાહોમ:

કન્યાનો ભાઈ કન્યાની અંજલિમાં ડાંગર આપે તે ડાંગરના ત્રણ ભાગ કરી કન્યા એક–એક મંત્ર બોલી હોમ કરે.

મંત્ર : १ ॐ अर्यमणं देवं कन्या अग्निं अयक्षत ।

स नो अर्यमा देव प्रेतो मुंचतु मा पतेः ॥ स्वाहा ।

इदम् अर्यम्णे न मम ॥

---

મૃત્યુ–દુ:ખ નિવારક હોમમાં સુખ પ્રસૂતિ, તેજસ્વી સંતાન, ભૌતિક સંપત્તિ દીર્ઘકાલ સુધી યૌવન અને સો વર્ષનું આયુષ્ય વગેરેની માંગણી - વર–વધૂએ અગ્નિદેવ પાસે કરવાની છે.

લાજાહોમ એ વૈદિક સાહિત્ય પ્રમાણે વિવાહ વિધિનો એ એક અત્યંત મહત્વનો ભાગ છે. ચાર અગ્નિપ્રદક્ષિણાની શરૂઆતમાં લાજાહોમ વખતે કન્યાના ભાઈને બોલાવવો, તેને તિલક કર્યા બાદ વર–કન્યાને ઉભા કરવા કન્યાના ભાઈએ વાંસના સુપડામાંથી ડાંગર (જવ) પોતાના બે હાથે લઈ કન્યાની અંજલિમાં આપવા, તેમજ તે ડાંગરનો કન્યાએ અગ્નિમાં હોમ કરવો. પ્રથમ ત્રણ પ્રદક્ષિણા વખતે ઉપરોક્ત મંત્રોનું ઉચ્ચારણ કરીને ત્રણ વખત ડાંગરનો હોમ કરવો.

અગ્નિની પ્રથમ ત્રણ પ્રદક્ષિણામાં કન્યાએ આગળ અને વરે પાછળ રહેવું. પ્રદક્ષિણા વખતે વર–કન્યાને ઈશાન ખૂણામાં રાખેલ અશ્મારોહણ પત્થરને જમણા પગનો સ્પર્શ કરાવવો. અગ્નિ–પ્રદક્ષિણા વખતે પુરોહિતે મંત્રોચ્ચાર–શ્લોકો બોલવા. પ્રદક્ષિણાને અંતે વર–કન્યાને તિલક કરીને બેસાડવા.

मंत्र : २ ॐ इयं नारी उपब्रुते लाजान् आवपन्तिका ।
आयुष्मान् अस्तु मे पतिः एधतां ज्ञातयो मम ॥ स्वाहा ।
इदम् अग्नये न मम ॥

मंत्र : ३ ॐ इमां लाजान् अवपामि अग्नौ समृद्धि करणं तव ।
मम तुभ्यं च संवननं तत् अग्निः अनुमन्यताम् इयं ॥ स्वाहा ।
इदम् अग्नयें न मम ॥

---

પ્રથમ પ્રદક્ષિણાની શરૂઆતમાં કન્યાના માતા-પિતા, બીજી પ્રદક્ષિણા વખતે કન્યાનો ભાઈ, ત્રીજી પ્રદક્ષિણા વખતે કન્યાના મામાને બોલાવવો. પુરોહિતે તેમને તિલક કરી નાળાછડી બાંધીને હોમ કરાવવો. પ્રદક્ષિણાને અંતે તેમણે વર-કન્યાને આશીર્વાદ આપવા કન્યાના ભાઈએ ચાર પ્રદક્ષિણા સુધી લાજાહોમ માટે રહેવું.

અગ્નિ પ્રદક્ષિણા વખતે અલગ-અલગ કુટુંબીઓને બોલાવવા પાછળનો ઉદ્દેશ એ છે કે આ બધાની સંમતિ અને હાજરીમાં લગ્ન થયા છે.

## લાજાહોમનું મહત્ત્વ

લાજાહોમ વખતે ઉચ્ચારવામાં આવતા મંત્રોનો ભાવાર્થ પણ સમજવા જેવો છે.

પ્રથમ મંત્રમાં વધૂ "અર્યમા" અર્થાત્ ભાગ્યના દેવ પાસેથી પતિગૃહે જવાની અનુમતિ માગે છે. બીજા મંત્રમાં પતિના દીર્ઘજીવન માટે અને ત્રીજામાં પતિકુળની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. જ્યારે ચોથા ફેરા પછી મંત્રમાં વર વધૂની તરફ જોઈ ગૌરવપૂર્ણ શબ્દો વ્યક્ત કરે છે.

લાજા (જવ)માં દાણા અને છાલ (ફોતરાં)નો સંયોગ હોય છે અહીં વર-વધૂનો પણ એક બીજા સાથે સંયોગ થયો છે અગ્નિમાં જવનો હોમ થતાં તેની છાલ અને દાણા જુદા પડી જાય છે. તેવી રીતે વર-વધૂમાં જો ક્રોધ કે અહંભાવનો અગ્નિ ઉત્પન્ન થશે તો તે બન્ને જુદા પડી જશે એ સમજી રાખવું જોઈએ

# અગ્નિ પ્રદક્ષિણા અને મંગલફેરા

આ રીતે બધી ડાંગર હોમી દીધા પછી, વરે અંગૂઠા સાથે કન્યાનો જમણો હાથ પકડી પાણિગ્રહણ કરવું.

મંત્ર : ॐ गृभ्णामि ते सौभगत्वाय हस्त मया पत्या जरदष्टिः यथासः ।
भगो अर्यमा सविता पुरंधिः मह्यं त्वा दुर्गार्हपत्याय देवाः ॥

## અશ્મારોહણ

અગ્નિ પ્રદક્ષિણા વખતે ઇશાન ખૂણામાં મૂકેલા પથ્થરને જમણો પગ અડકાડવા માટે વરે કન્યાને કહેવું.

મંત્ર : १ ॐ आरोह इम अश्मानं अश्मा इव स्थिराभव ।
अभितिष्ठ पृतन्यतं अवबाधस्व प्रतनायत ॥

મંત્ર २ सरस्वती प्रेदमव सुभगे वाजिनीवती यां त्वा विश्वस्य भूतस्य प्रजायां अस्य अग्रत ।
यस्यां भूत समभवत् यस्यां विश्व इद जगत् तां अद्य गाथां गास्यामि याः स्त्रीणां उत्तम यश ॥

---

**મંત્રનો અર્થ : પાણિગ્રહણ**

દીર્ઘાયુષ્ય, દૈવીસંતાન, ઐશ્વર્ય, ઉન્નતિ વગેરે સૌભાગ્ય માટે તારો હાથ હું પકડું છું. આપણે બન્ને વૃધ્ધાવસ્થા સુધી સાથે રહીએ ભગદેવ, અર્યમાદેવ, સવિતાદેવ અને વિશ્વ વ્યવસ્થાપક દેવોએ ગૃહસ્થાશ્રમના કર્તવ્યો પાર પાડવા માટે તને મને આપી છે. આપણા વિવાહને માન્યતા આપી છે.

(નોંધ : અગ્નિ પ્રદક્ષિણા વખતે પાણિગ્રહણ કરવામાં આવે છે પરંતુ વર–વધૂ વ્યવસ્થિત રીતે અગ્નિ તેથી પ્રદક્ષિણા કરી શકે વર–વધૂના હાથ મુક્ત રાખવા એવું સર્વસંમતિથી નક્કી થયું છે)

કન્યા જ્યારે અશ્મારોહણ પત્થરને જમણા પગનો સ્પર્શ કરે ત્યારે પુરોહિતે મંત્ર બોલવો. શાસ્ત્રીય રીતે તો છેલ્લી પ્રદક્ષિણામાં જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કરવાનો હોય છે, પરંતુ ચારેય મંગલ ફેરામાં પણ પત્થરને સ્પર્શ કરી શકાય છે.

**અશ્મારોહણનું મહત્ત્વ :**

મંત્ર ૧નો અર્થ – હે પત્ની ! આ પત્થર ઉપર ચડ, પત્થરની જેમ સ્થિર રહે ચલિત વૃત્તિની ન બન. આપણો ગૃહસ્થાશ્રમ સ્થિર બનો. દુષ્ટોને દૂર કરનારી થા.

અશ્મારોહણ એ વધૂના પ્રતિવ્રતની સ્થિરતાનું પ્રતિક છે. વર–વધૂ પોતાના જીવનમાં અવિચલ અને દઢ રહે તેમજ જીવનવ્રતમાં બન્ને અત્યન્ત સ્થિર રહે એવી ભાવના આ વિધિમાં રહેલ છે.

મંત્ર ૨નો અર્થ – હે સરસ્વતી ! હે સૌભાગ્યવતી ! તું સકલ વિશ્વના સર્જકનું અનુકરણકરનારી પુત્રવતી થા વિશ્વના પોષક વિષ્ણુની જેમ ગૃહસ્થાશ્રમની પ્રાણ–પોષક બન. આ જ સ્ત્રીઓનો યશ છે.

# ચતુર્થ પ્રદક્ષિણા

ત્રણ પ્રદક્ષિણા પૂર્ણ થયા બાદ ચોથી પ્રદક્ષિણા વખતે પણ કન્યાના ભાઈને બોલાવી કન્યાએ અગ્નિમાં એક આહુતિ આપવી.

મંત્ર – ॐ भगाय स्वाहा । इदम् भगाय न मम ॥

---

ચતુર્થ પ્રદક્ષિણા વખતે વરના માતા-પિતાને બોલાવવા તેમને તિલક કરી નાડાછડી બાંધવી પુરોહિતે તેમના હાથે હોમ કરાવવો તેમજ પ્રદક્ષિણાને અંતે તેઓએ વર-કન્યાને આશીર્વાદ આપવા.

ચતુર્થ પ્રદક્ષિણા વખતે વર આગળ અને કન્યાએ પાછળ રહેવું તેમજ પ્રદક્ષિણા પછી કન્યાને વરની ડાબી બાજુ બેસાડવી. પ્રદક્ષિણા વખતે વરને તલવાર અને શ્રીફળ આપવું પ્રદક્ષિણાને અંતે પુરોહિતે વર-કન્યાને તિલક કરવું.

**અગ્નિ પ્રદક્ષિણાનું મહત્ત્વ :**

અગ્નિની ત્રણ પ્રદક્ષિણામાં આગળ કન્યા અને પાછળ વર રહે છે, એનો આશય એવો છે કે વરે જીવનના મોટા ભાગની અવસ્થામાં સુશીલ પત્નીનું અનુકરણ કરવું. છેલ્લી પ્રદક્ષિણામાં વર આગળ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે પત્નીની વૃધ્ધાવસ્થામાં વરે એના નિર્વાહની સારી એવી જવાબદારી ઉપાડવાની છે.

આ ચાર પરિક્રમાઓનું તાત્પર્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પણ છે. ચાર પુરુષાર્થો પૈકી ધર્મ અર્થ અને કામમાં પત્ની આગળ રહે છે. તેથી જ પત્નીને કાર્યેષુ મંત્રી ઈત્યાદિ શબ્દોથી નવાજાય છે. પરંતુ મોક્ષમાં પુરૂષના માર્ગદર્શનની અપેક્ષા રહે છે. તેથી ચતુર્થ પરિક્રમામાં પુરૂષ આગળ રહે છે.

ચાર પ્રદક્ષિણામાં પ્રથમ ત્રણ પ્રદક્ષિણા પછી સ્ત્રીને પુરૂષની જમણી બાજુ તેમજ ચતુર્થ પ્રદક્ષિણા પછી ડાબી બાજુ બેસાડવાનો તાત્પર્ય એ છે કે સ્ત્રીનું નામ "વામા" છે. સ્ત્રીએ પુરૂષનું હૃદય છે.

બીજું ચોથી પ્રદક્ષિણા પૂર્ણ થયા બાદ પતિએ પરમેશ્વરરૂપ ગણાય છે. જેમ નારાયણની ડાબી બાજુ લક્ષ્મીજીનું સ્થાન છે તેથી પરમેશ્વરરૂપ પતિની ડાબી બાજુ પત્નીને સ્થાન આપવામાં આવે છે.

# પ્રાજાપત્ય હોમ - સ્વિષ્ટકૃત્ હોમ

ચાર પ્રદક્ષિણા પૂર્ણ થયા બાદ લોકાચાર પ્રમાણે શ્રીફલ હોમ કરાવીને પછી વર-વધૂના હાથે પ્રાજાપત્ય અને સ્વિષ્ટકૃત્ હોમ કરાવવો મંત્ર બોલીને ઘીની આહુતિ આપી વરે હોમ કરવો સુવામાં હોમતાં વધેલું ઘી પ્રોક્ષણીપાત્રમાં નાખવુ

ॐ प्रजापतयें स्वाहा । इदम् प्रजापतये न मम ॥
ॐ अग्नयें स्विष्टकृते स्वाहा । इदम् अग्नये स्विष्टकृते न मम ॥

---

**શ્રીફલ હોમ :**

ચાર અગ્નિ પ્રદક્ષિણા થયા પછી શ્રીફલ હોમ વર-વધૂના હાથે કરવાનો કરવાનો રિવાજ છે તેથી શ્રીફલ હોમ કરાવવો શ્રીફલની જગ્યાએ સોપારી પણ હોમી શકાય, શાસ્ત્રોક્ત રીતે વિવાહસંસ્કારમાં પૂર્ણાહુતિની વિધિ નથી.

શ્રીફલ હોમ કરતી વખતે પુરોહિતે સમયની મર્યાદામાં રહીને શક્રાદય સ્તુતિના શ્લોકો અથવા પૂર્ણાહુતિના મંત્રો બોલવા.

પૂર્ણાહુતિનો મંત્ર –

ॐ सुपूर्णादर्वित्रपरापत सुपूर्णापुनरापत ।
वस्न्नेवविक्रीणावहाऽइषमूर्जं शतक्रतो ॥

શક્રાદય સ્તુતિના શ્લોક :

या श्रीः स्वयं सुकृत्तिनां भवनेष्वलक्ष्मीं
पापत्मनां कृतधियां हृदयेषु बुद्धिः ।
श्रद्धा सतां कुलजन प्रभवस्य लज्जा
तां त्वां नताः स्म परिपालय देवि विश्वम् ॥

मेधाऽसि देवि विदिताऽखिलशास्त्रसारा
दुर्गाऽसि दुर्गभवसागर नौरसंगा ।
श्रीः कौटभारिहृदयैककृताधिवासा
गौरी त्वमेव शशिमौलिकृत प्रतिष्टा ॥

# સપ્તપદાક્રમણમ્ - સપ્તપદી

પ્રથમ વેદિકાથી દૂર ઉત્તર દિશામાં ચોખાની સાત ઢગલીઓ પુરોહિતે કરવી. વરે સંકલ્પ કરવો.

अत्र अ महामाङ्गल्यप्रदे अमुक मासे अमुक पक्षे अमुकतिथौ अमुकवासरे मम गृहीतकन्या पतित्व सिद्धये सप्ताचल पूजन करिष्ये ।

વરના સાત આદર્શો : वरवचनानि ।

१ ॐ एकम् इषे विष्णु त्वा नयतु ।
२ ॐ द्वे ऊर्जे विष्णुः त्वा नयतु ।
३ ॐ त्रीणि रायस्पोषाय विष्णु त्वा नयतु ।
४ ॐ चत्वारि मायोभवाय विष्णु त्वा नयतु ।
५ ॐ पंच पशुभ्यो विष्णु त्वा नयतु ।
६ ॐ षड् ऋतुभ्यो विष्णु त्वा नयतु ।
७ ॐ सखे सप्तपदा भव सा माम् अनुव्रता भव, विष्णुः त्वा नयतु ।

એ પ્રમાણે બોલીને ॐ सप्ताचलेभ्यो नमः એ મંત્રથી વરે ચંદન, અક્ષત પુષ્પથી પૂજન કરવું.

## કન્યા પ્રતિજ્ઞા

१ त्वत्तो मे अखिल सौभाग्यं पुण्यौ त्वं विविधैः कुतैः ।
दैवैः संपादितो महय वधूः आद्यो पदे अब्रवीत् ॥ →

---

વરના સાત આદર્શો – અર્થ :

૧ મારા ઘરની અન્નપૂર્ણા થા,
૨ ઘરનાં બધાને સમર્થ બનાવ.
૩ સંપત્તિ વધારનારી થા.
૪ આપણા ઘરને ઉલ્લાસમય બનાવ.
૫ તારાથી ઘરનુ પશુધન સુરક્ષિત બનો.
૬ બધી ઋતુઓમાં પ્રસન્ન દામ્પત્ય રહો
૭ તું મારી સુહૃદ સમર્થક, સંરક્ષક સંવર્ધક બન.

(નોંધ : વર કન્યાએ સાત આદર્શ અને સપ્તપદી મુખપાઠ કરીને જાતે બોલવી જોઈએ સપ્તપદીની ગુજરાતીમાં વિસ્તૃત સમજણ પરિશિષ્ટમાં આપેલ છે.

२ कुटुंबं पालयिष्यामि हि आवृद्धबालकादिकम् ।
यथा लब्धेन संतुष्टा ब्रूते कन्या द्वितीयके ॥

३ मिष्टान्न व्यंजनादीनि काले संपादये तव ।
आज्ञासंपादिनी नित्यं तृत्तीये सा अब्रवीत् वरम् ॥

४ शुचि शृंगारभूषा अहं वाक् मनः कायकर्मभिः ।
क्रीडिष्यामि त्वया सार्धं तुरिय सा अब्रवीद् पतिम् ॥

५ दुःखे धीरा सुखे हृष्टा सुखदुःख विभागिनी ।
नाहं परतरं गच्छे: पंचमे सा अब्रवीत् पतिम् ॥

६ सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव । सेवां श्वशुरयोः चापि च धूनां सत्कुत तथा ।
यत्र त्वं वा हि अत्र तत्र नाहं वंचे प्रिय क्वचित् ।
नाहं प्रियेण वंच्या अस्मि कन्या षष्ठे पदे अब्रवीत् ॥

७ होमयज्ञादि कार्येषु भवामि च सहायकृत् । धर्मार्थकाम कार्येषु मने वृत अनुसारिणी ॥
सर्वे च साक्षिण: त्व मे पतिभूत असि सां तम् ।
देहोमया अर्पित तुभ्य सप्तमे सा अब्रवीत् वरम् ॥

---

# લગ્ન પત્રિકા

ब्रह्मा करोतु दीर्घायुर्विष्णु कुर्याच्च संपदम् ।
शिवो रक्षतु गात्राणि यर्येवैं लग्न-पत्रिका ॥१॥
वंशो विस्तरतां यातुकीर्तियातु दिगन्तरम् ।
आयुर्विपलतां यातु यर्येवैं लग्नपत्रिका ॥२॥
मङ्गलं भगवान् विष्णुर्मङ्गल गरूडध्वजः ।
मङ्गलं पुण्डरीकाक्षो मङ्गलायतनो हरि; ॥३॥

વર-વધુને સપ્તપદીની પ્રતિજ્ઞાઓ સમજાવ્યા બાદ પુરોહિતે બધા સાંભળી શકે તે રીતે લગ્ન પત્રિકાનુ વાંચન કરવું

લગ્નપત્રિકાનું વાંચન થઈ ગયા બાદ લગ્નપત્રિકાની અંદરના અક્ષત પુરોહિતે વર-વધુ ઉપર છાંટવા તેમજ મંગલ શ્લોકો બોલીને આશીર્વાદ આપવા લગ્ન પત્રિકા વરપક્ષના અણવરને આપવી.

કેટલાક વચગાળાના સમયમાં ગામડામાં આવેલી જાન માટે કોઇપણ જાતનો વાંધો ઉપડે ત્યારે લગ્નપત્રિકાનો ઉપયોગ થતો હતો આ એક Agreement હતું.

# સૂર્યદર્શન

સપ્તપદી પછી, દિવસે વિવાહ પૂર્ણ થયા બાદ સૂર્યદર્શન કરીને વર-વધૂએ ૧૦૦ વર્ષના આયુષ્યની પ્રાર્થના કરવાની.

પુરોહિતે મંત્ર બોલવો :

ॐ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् ।

पश्येम शरदः शत जीवेम शरद शत शृणुयाम शरद शत प्रब्रवाम शरदः ।

शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥

# સૌભાગ્યદાન – આશીર્વાદ

વરપક્ષની બે સૌભાગ્યવતી સ્ત્રી અને કન્યાપક્ષની બે સૌભાગ્યવતી સ્ત્રીઓએ ક્રમાનુસાર વર-વધૂને તિલક કરવું. વરના કાનમાં 'માર્કંડેય ઋષિનું આયુષ્ય' અને કન્યાના કાનમાં 'અખંડ સૌભાગ્યવતી થા' એવું કહેવુ.

કન્યાની પાછળ ઉભા રહીને ખભા આગળથી ચોખા પધરાવવા. તે વખતે બ્રહ્મા-સાવિત્રીનું સૌભાગ્ય, ઇન્દ્ર-ઇન્દ્રાણીનુ સૌભાગ્ય, શિવ-પાર્વતિનુ સૌભાગ્ય, વસિષ્ઠ-અરુંધતીનું સૌભાગ્ય લક્ષ્મી-નારાયણનુ સૌભાગ્ય, કૃષ્ણ-રૂક્મણીનું સૌભાગ્ય, અખંડ સૌભાગ્યવતી પુત્ર પૌત્રવતી ભવ આ પ્રમાણે બોલવું.

પુરોહિતે મંત્ર બોલવું.

सुमंगलीः इयं वधूः इमां समेत पश्यत ।

सौभाग्य अस्यै दत्वाय अथ अस्तं विपरेतन ॥

# ધ્રુવદર્શન

પુરોહિતે વર-વધૂને ઉત્તર દિશામાં મુખ રખાવીને ધ્રુવ તારાનું દર્શન કરાવવું. પુરોહિતે મંત્ર બોલવો.

મંત્ર : ॐ ध्रुवमसि ध्रुवं त्वा पश्यामि ध्रुवैधिपोष्ये मयि महयं त्वादात् ।

बृहस्पतिर्मया पत्या प्रजावती स जीव शरदः शतम् ॥

---

ધ્રુવ એ અચલતાનું પ્રતિક છે. ધ્રુવદર્શન વખતે વધૂ એવી ભાવના વ્યક્ત કરે છે કે હે ધ્રુવ ! જેમ તું સ્થિર છે તેમ હું પણ મારા પતિના કુળમાં સ્થિર રહુ.

ભગવાને આપણને એક બનાવ્યા છે. આપણી પ્રીતિ અમર રહો.

# કંસારવિધિ

કન્યાની માતાએ કંસાર, ઘી, ખાંડ લઈને આવવું. વરે વધૂને તેમજ વધૂએ વરને કંસાર જમાડવું. પુરોહિતે મંત્રોચ્ચાર કરવો.

મંત્ર : ૐ પ્રાણૈઃ તે પ્રાણાન્ સંદધામિ । અસ્થિભિ અસ્થીનિ સંદધામિ ।
મંસૈ માંસં સંદધામિ । ત્વચા ત્વચં સંદધામિ ॥

કંસાર વિધિ પછી દીર્ઘાયુષ્યની પ્રાર્થના અને બ્રાહ્મણોના આશીર્વાદ સાથે વિવાહ વિધિ પૂર્ણ થાય છે.

**સ્થંભપૂજન :**

લોકાચાર પ્રમાણે વિવાહ વિધિ પૂર્ણ થયા બાદ વરપક્ષની બે બહેનોએ વરની બાજુના ચોરીના બે સ્થંભનું ચંદન–ચોખાથી પૂજન કરવું. કન્યાપક્ષની બે બહેનોએ કન્યાની બાજુના બે ચોરીના સ્થંભનું ચંદન–ચોખાથી પૂજન કરવું.

**બ્રાહ્મણ પૂજન :**

કૃતસ્ય વિવાહ હોમઃ કર્મણઃ સાંગતાસિદ્ધ્યર્થં આચાર્યાદિ
નાનાનામગોત્રેભ્યો બ્રાહ્મણેભ્યો ગંધાદિભિઃ સંપૂજ્ય યથોત્સહ દક્ષિણાં દાસ્યે ।

વિવાહ સંસ્કાર કરાવનાર બ્રાહ્મણને ભોજન કરાવી દક્ષિણા આપીને આશીર્વાદ ગ્રહણ કરવા. બ્રાહ્મણનું ચંદન–ચોખાથી પૂજન કરવું.

---

કંસાર એ ચતુર્થી કર્મની વિધિ છે, પરંતુ તે વિવાહવિધિ પૂર્ણ થયા બાદ કરવો.

**કંસારનું મહત્ત્વ :** આ એક પ્રીતિ ભોજન કે સહભોજનરૂપે પ્રસિદ્ધ પામેલો વિવાહનો અંતિમ વિધિ છે કંસાર એ ભારતીય સમાજનુ પ્રિય ભોજન છે તેમજ કંસારને સ્વાગતનું ચિહ્ન પણ માનવામાં આવે છે.

કંસાર ખવડાવતી વખતે વર મંત્ર બોલે છે તેનો આશય એ છે કે મારા પ્રાણ સાથે તારા પ્રાણ, હાડકાં સાથે હાડકાં માંસ સાથે માંસ અને ચામડી સાથે ચામડી જોડું છું. શરીર ભલે ભિન્ન હોય, પરંતુ આપણું ભાવાદ્વૈત રહો.

આ શબ્દો વિવાહવિધિના પ્રાણ જેવા છે. કંસારએ વર–વધૂની એકતાનુ પ્રતિક છે.

**ગણુપતિદેવને નમસ્કાર :**

श्वेताङ्गं श्वेतवस्त्रं सितकुपेमगणैः पूजितं श्वेतगन्धैः क्षीरावधौ रत्नदीपैः सुरनरतिलकं रत्नसिंहासनस्थम् ।
दोर्भिः पाशाङ्कुशाब्जाभयवरदधतं चन्द्रचौलिं त्रिनेत्रं ध्याये शान्तयर्थमीमं गणपतिममलं श्रीसमेतं प्रसन्नम् ॥

વર-વધૂએ ઘરની અંદર વિઘ્નહર્તા દેવ ગણુપતિને નમસ્કાર કરવા પુરોહિતે શ્લોક બોલવો. ત્યારબાદ વરમાળા કન્યાના ગળામાં રાખવી.

**વધૂના સેંથામાં સિંદૂર :**

વરે પોતાની ધર્મપત્નિના સેંથામાં સિંદૂર લગાવવો. સૌભાગ્યદાન પછી થતો વિધિ રિવાજ પ્રમાણે અહિં ઘરમાં કરવો.

મંત્ર : ॐ वाममद्य सवितर्वाममु श्वो दिवेंदिवे वाममस्मभयं सावीः ।
बामस्य हि क्षयस्य देय भूरेरया धिया वामभाजः स्याम ॥

**આશીર્વાદ :** બ્રાહ્મણે વર-વધૂને આશીર્વાદ આપવા.

स्वस्त्यस्तु ते कुशलमस्तु चिरायुरस्तु गोवाजिहस्तिधनधान्य समृद्धिरस्तु ।
एश्वर्यमस्तु बलमस्तु रिपुक्षयोऽस्तु वंशे सदैव भवतां हरिभक्तिरस्तु ॥

**જાનીવાસ તરફ પ્રયાણ :**

ત્યારબાદ વર-વધૂને વાજતે ગાજતે જાનીવાસે લાવવા. જાનીવાસના તોરણે વર-વધૂને વરની માતાએ પોંખવું. પછી વધૂને નિશ્ચિત જગ્યાએ બેસાડીને વરપક્ષના કુટુંબીજનોએ આશીર્વાદ આપવા.

ત્યારબાદ વર-વધુએ વડીલોને પ્રણામ કરવા તેમજ કન્યાપક્ષની સૌભાગ્યવતી સ્ત્રીઓએ કન્યાને ગીતો ગાતાં ગાતાં ઘેર લઈ જવી.

**પહેરામણી :**

આ એક વ્યાવહારિક વિધિ છે. વિદાય પહેલા વરપક્ષના કુટુંબીઓને બોલાવીને સમાજના રિવાજ પ્રમાણે પહેરામણી કરવી.

**મા માટલું :**

કન્યાની વિદાય વખતે કન્યાને મા-માટલામાં સુખડી, લાડુ વગેરે આપવા. જુના કાળમાં યાતાયાતના સાધનોના અભાવથી આ પ્રથા પ્રચલિત છે. આ માટલું માતાએ તૈયાર કરેલ હોવાથી મા-માટલું કહેવામાં આવે છે

## કન્યા વિદાય :

વિદાય આપતી વખતે રથના ચક્રનું પુજન કરી, ત્યાં શ્રીફળ વધેરવું. વર-વધુનો પ્રવાસ નિર્વિઘ્ને પુર્ણ થાઓ. જીવનરથ પણ ધ્યેય સુધી અવિરત ગતિથી ગમન કરો એવો આદર્શ છે.

વિદાય વખતે રમણદિપક (રામણ દીવો) આપવો. આ એક શુભ દીપક ગણાય છે.

## વર-વધૂનું આગમન :

વર-વધુ પરણીને વરને ઘેર આવે ત્યારે સર્વપ્રથમ વરમાતાએ વર-વધુને પોંખવા. ગણપતિ અને કુળદેવી શ્રી ઉમિયા માતાને નમસ્કાર કરાવીને પછી શરૂઆતમાં બાંધેલ મીંઢળ વર-વધુએ એક બીજાનું છોડવું. અર્થાત્ જીવનમાં જ્યાં ગાંઠ પડે ત્યાં શાંતિથી ઉકેલ શોધવાનો એવો આદર્શ છે. ત્યારબાદ વર-વધૂએ વડીલોને નમસ્કાર કરવા. તેમજ અનુકૂળતાએ પોતાના દેવસ્થાને છેડાછેડી છોડવી.

॥ इति विवाह संस्कार प्रयोगः समाप्तः ॥



# ॥ ગણપતિપૂજનમ્ ॥

કોઈપણ શુભ કાર્યમાં ગણપતિની અગ્રિમ પુજા થાય છે. ગણપતિની મુર્તિ ન હોય તો સોપારીના ગણપતિ બનાવવાના પણ અગ્રપુજનતો ગણપતિનું જ થવું જોઈએ.

મંડપારોપણ તેમજ લગ્નવિધિનો આરંભ થતાં પહેલા મંગલકારી દેવ ગણપતિનું નિર્વિધ્નતા માટે પુજન કરવું.

(મંડપારોપણના દિવસે વર અને વધુના ઘરની અંદરના ઓરડામાં ગણપતિનું સ્થાપન કરવું. ગણપતિને સિદ્ધિ બુદ્ધિ સહિત પધરાવીને સમય મર્યાદામાં રહીને ષોડશોપચાર અથવા પંચોપચાર પુજન કરવું. બ્રાહ્મણ પુરોહિત ગણપતિના સ્થાપન આગળની ભીંત પર કંકુના ટપકા વડે દેરડી બનાવી ગણપતિની સ્થાપના કરવી.

आचमनं कुर्यात ।
ॐ केशवाय नमः ।
ॐ नारायणाय नमः ।
ॐ माधवाय नमः ।
ततो ॐ गोविन्दाय नम इति हस्तं पक्षाल्य ।

(જમણા હાથમાં આચમની વડે ત્રણ વખત પાણી લઈને આચમન કરવું ત્યારબાદ 'ॐ ગોવિન્દાય નમઃ' એ પ્રમાણે બોલીને હાથ ધોવા.

प्राणायामं कुर्यात् ।

(ગાયત્રી મંત્ર બોલીને પુરક, કુંભક અને રેચક એમ ત્રણ પ્રકારે પ્રાણાયામ કરવો. જો પ્રાણાયામ ન આવડતો હોય તો 'ॐ નમો ભગવતે વાસુદેવાય' એમ બાર વખત બોલવું)

यजमान भालें तिलकम् ।

(પુજનની શરૂઆતમાં યજમાનને તિલક કરતી વખતે ભદ્રસુકત તેમજ શાન્તિસૂકત બોલી શકાય. અહીં માત્ર પુરાણોક્ત શ્લોકો તેમજ મંત્ર લખેલ છે.)

स्वस्तिरस्तु याऽविनाश ख्या धर्मकल्याणवृद्धिदा ।
विनायक प्रिया नित्य ताञ्च स्वसिंत बुवन्तु नः ॥

नारदाद्याऋषिगणा ये चान्ये च तपोधनाः ।
भवन्तु यजमानस्य ह्याशीर्वादपरायणाः ॥

या श्रीः स्वयं सुकृतिनां भवनेष्वलक्ष्मीः पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः ।
श्रद्धा सतां कुलजनप्रभवस्य लज्जा तां त्वां नताः स्म परिपालय देवि विश्वम् ॥

मंत्र : ॐ स्वस्तिनः इन्द्रो वृद्धश्रवाः स्वस्तिन. पूषा विश्ववेदाः ।
स्वस्तिनस्ताक्ष्र्यो अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥

देवतानमस्कार :
(બે હાથ જોડીને બધા દેવોને નમસ્કાર કરવા)

श्रीमन्महागणाधिपतये नमः ।
इष्टदेवताभ्यो नमः ।
कुलदेवताभ्यो नमः ।
ग्रामदेवताभ्यों नमः ।
स्थान देवताभ्यों नमः ।
वाणिहिरण्य गर्भाभ्यां नमः ।
श्री लक्ष्मीनारायणाभ्यां नमः ।
श्री उमामहेश्वराभ्या नमः ।
शचीपुरन्दराभ्यां नमः ।
मातापितृचरणकमलेभ्यो नमः ।
सर्वेभ्यों देवेभ्यो नमः ।
सर्वेभ्यो ब्राह्मणेभ्यो नमो नमः ।
एतद् कर्मप्रधान देवताभ्यो नमः ।

निर्विघ्नमस्तु ।
"पुण्यं पुण्याहं दीर्घमायुरस्त्विति भवन्तो ब्रुवन्तु" पुण्यं पुण्याहं दीर्घमायुरस्तु ।

(યજમાનના હાથમાં ચંદન-અક્ષત સહિત પુષ્પ આપીને ગણપતિનું ધ્યાન ધરવું)

सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः ।
लम्बोदरश्च विकटो विघ्ननाशो गणाधिपः ॥

धूम्रकेतुर्गणाध्यक्षो भालचन्द्रो गजाननः ।
द्वादशैतानि नामानि यः पठेच्छृणुयादपि ॥

विद्यारम्भे विवाहे च प्रवेशे निर्गमे तथा ।
सङ्ग्रामे सङ्कटे चैव विघ्नस्तस्य न जायते ॥

शुक्लाम्बरधरं देवं शशिवर्णं चतुर्भुजम् ।
प्रसन्नवदनं ध्यायेत्सर्वविघ्नोपशान्तये ॥

अभीप्सितार्थसिद्ध्यर्थं पूजितो यः सुरासुरैः ।
सर्वविघ्नहरस्तस्मै गणाधिपतये नमः ॥

सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके ।
शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते ॥

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममङ्गलम् ।
येषां हृदिस्थो भगवान्मङ्गलायतनं हरिः ॥

तदेव लग्नं सुदिनं तदेव,
ताराबलं चन्द्रबलं तदेव ।
विद्याबलं दैवबलं तदेव,
लक्ष्मीपते तेऽङ्घ्रियुगं स्मरामि ॥

लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः ।
येषामिन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः ॥

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ॥
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

सर्वेष्वारब्धकार्येषु त्रयस्त्रिभुवनेश्वराः ।
देवा दिशन्तु नः सिद्धिं ब्रह्मेशानजनार्दनाः ॥

विनायकं गुरुं भानुं ब्रह्मविष्णुमहेश्वरान ।
सरस्वतीं प्रणौम्यादौ सर्वकार्यार्थ सिद्धये ॥

सङ्कल्प :

[જમણા હાથમાં અક્ષત અને પાણી લઈ સંકલ્પ કરવો]

विष्णुर्विष्णुर्विष्णुः श्रीमद्भगवतो महापुरुषस्य विष्णोराज्ञया प्रवर्त्तमानस्य अद्य ब्रह्मणो द्वितीये परार्धे श्री श्वेतवराहकल्पे वैवस्वतमन्वन्तरे अष्टाविंशतितमे कलियुगे

कलिप्रथम चरणे भारतवर्षे जम्बूद्वीपे रामक्षेत्रे परशुरामाश्रमे दण्डकारण्यदेशे श्री गोदावर्याः पश्चिमदिग्भागे श्रीमल्लवणाब्धेस्तरे तीरे अमुके श्री शालिवाहन शके अस्मिन्वर्तमाने अमुकनाम संवत्सरे अमुकायने अमुकर्तौ अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकनक्षत्रे अमुकराशिस्थिते चन्द्रे अमुकराशिस्थिते श्रीसूर्ये अमुकराशि स्थिते देवगुरौ शेषेषु ग्रहेषु यथायथ राशिस्थान स्थितेषु सत्सु एवं गुणविशेषण विशिष्टायां शुभपुण्यतिथौ अमुकगोत्रोत्पन्नस्य अमुक नाम्नः सपत्नीक यजमानोऽहं

मम आत्मनः श्रुति स्मृति पुराणोक्त, शास्त्रोक्त वेदोक्त पूण्यफल प्राप्तिः अर्थम् अस्माकं सर्वेषां सकुटुम्बानां क्षेमं स्थैर्य आयुः आरोग्य ऐश्वर्य धन धान्य संपत्ति संतत्ति अवाप्ति द्वारा ऐहिक आमुस्मिक सकल अभिष्ट सिद्धि अर्थम् तथाच भगवती उमियामाता कृपाकटाक्ष संपादनार्थम् विवाह कर्मण सागतासिद्ध्यर्थम् पंचोपचारैः वा षोडशोपचारैश्च गणपतिपूजनमहं करिष्ये ।

[ઉપરોક્ત સંકલ્પમાં 'અમુક' શબ્દ આવે ત્યાં ક્રમાનુસાર મામનું નામ, તિથી, વાર વગેરે બોલવું.]

पुनः संकल्प : (ફરીથી જમણા હાથમાં પાણી લઇ સંકલ્પ કરવો)

तत्रादौ दिग्रक्षणं कलशार्चनं शङ्खघण्टार्चनं च करिष्ये ।

दिग्रक्षणम्

[ડાબા હાથમાં સરસવ લઇ તેના ઉપર જમણો હાથ ઢાંકી જમણા પગના ઘુંટણ ઉપર મુકવો]

अपसर्पन्तु ते भूता ये भूता भूमिसंस्थिताः ।
ये भूता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥

अपक्रामन्तु भूतानि पिशाचाः सर्वतो दिशम् ।
सर्वेषामवरोधेन पूजाकर्म समारभे ॥

यदत्र संस्थितं भूत स्थानमाश्रित्य सर्वतः ।
स्थानं त्यक्त्वा तु तत्सर्वं यत्रस्थं तत्र गच्छतु ॥

भूतप्रेतपिशाचाद्या अपक्रामन्तु राक्षसा ।
स्थानादस्माद्व्रजन्त्वन्यत्स्वीकरोमि भुवं त्विमाम ॥

भूतानि राक्षसा वापि येऽत्र तिष्ठन्ति केचन ।
ते सर्वेऽप्यपगच्छन्तु पूजाकर्म करोम्यहम् ॥

(આ પ્રમાણે શ્લોકો બોલીને સરસવ ચારે દિશામાં નાખવા. ડાબો પગ જમીનને ત્રણ વખત લગાડવો, આંખોને પાણી લગાડવું. ત્યારબાદ પોતાની ડાબી બાજુ પાણી ભરેલો કલશ મુકી પૂજા કરવી)

तत्र वरुणा वाहनम् :
मकरस्थं पाशहस्तमम्भसां पतिमीश्वरम् ।
आवाहयें प्रतीचीशं वरुणं यादसां पतिम् ॥

ॐ भूर्भुवः स्वः अस्मिन्कलशे वरुणं साङ्गं सपरिवारं सायुधं संशक्तिकम् आवाहयामि स्थापयामि ।

(આ પ્રમાણે વરુણદેવતાનું આવાહન કરવું ત્યાર બાદ કલશની અંદર અક્ષત પધરાવીને વરૂણદેવતાની પ્રતિષ્ઠા કરવી)

ॐ वरुणाय नमः । वरुण सुप्रतिष्ठितो वरदो भव : प्रतिष्ठाप्य । ॐ भूर्भुवः स्वः वरुणाय नमः चन्दनं समर्पयामि ।

[આ પ્રમાણે વરુણદેવતાની પંચોપચારથી પૂજા કરવી ત્યાર બાદ કલશને અનામિકા આંગળી ( ટચલી આંગળીની બાજુની આંગળી ) વડે સ્પર્શ કરી શ્લોકો બોલવા ]

कलशस्य मुखे विष्णु कंठे रुद्रः समाश्रितः ।
मूलें तत्र स्थितो ब्रह्मा मध्यें मातृगणाः स्मृताः ॥१॥

कुक्षौ तु सागराः सर्वें सप्तद्वीपा वसुंधरा ।
ऋग्वेदो च यजुर्वेदः सामर्वेदोह्यथर्वणः ॥२॥

अंगैश्चसहिताः सर्वें कलशांबुसमाश्रिताः ।
अत्र गायत्री सावित्री शान्तिः पुष्टिकरी तथा ॥३॥

ततो कलशं प्रार्थयेत् (ત્યારબાદ કલશને પ્રાર્થના કરવી)
देवदानव संवादे मथ्यमाने महोदधौ ।
उत्पन्नोऽसि तदांकुम्भ विधृतो विष्णुनास्वयम् ॥१॥

त्वत्तो ये सर्वतीर्थानि देवाः सर्वे त्वयि स्थिताः ।
त्वयि तिष्ठन्ति भूतानि त्वयि प्राणाः प्रतिष्ठिताः ॥२॥

शिवः स्वयं त्वमेवासि विष्णुस्त्वं च प्रजापतिः ।
आदित्या वसवो रुद्रा विश्वेदेवाः सपैतृकाः ॥३॥

त्वयि तिष्ठन्ति सर्वेऽपि यतः कामफल प्रदाः ।
त्वत्प्रसादादिमां पूजां कर्तुमीहे जलोद्भव ॥४॥

सान्निध्यं कुरु मे देव प्रसन्नो भव सर्वदा ।

ત્યારબાદ અંકુશમુદ્રાથી કલશમાં બધા તીર્થોનું આવાહન કરવું, ધેનુમુદ્રાથી પવિત્ર કરવું, કવચમુદ્રાથી પાણીનું રક્ષણ કરી મત્સ્યમુદ્રા વડે હાથ પાણીના કલશ ઉપર ઢાંકીને ॐ वं वरुणाय नमः એમ આઠ વખત બોલવું.

ત્યારબાદ આચમનીમાં પાણી લઈને ભૂમિ, પૂજાની સામગ્રી અને સ્વશરીર ઉપર પાણી છાંટીને પવિત્ર કરવું.

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपिवा ।
यः स्मरेत्पुण्डरीकाक्षं स बाह्याभ्यन्तरः शुचिः ॥

दीपपूजनम् :– (શ્લોક બોલીને દીવા આગળ કંકુ ચોખાવાળુ પુષ્પ ધરાવવું.)

भोः दीप देवरुपस्त्वं कर्मसाक्षी ह्यविघ्नकृत् ।
यावत्पूजासमाप्तिः स्यात्तावदत्र स्थिरो भव ॥

घण्टापूजनम् :– (શંખમુદ્રા વડે માત્ર સ્મરણ કરીને પછી ઘંટાનું પૂજન કરવું.)

आगमार्थं तु देवानां गमनार्थं तु रक्षसाम् ।
घण्टानादं प्रकुर्वीत पश्चाद् घण्टा प्रपूजयेत् ॥

गणपतिपूजनम्

गणपतिध्यानम् :– (બે હાથ જોડીને ગણપતિનું ધ્યાન ધરવું.)

નોંધ : અહિં વિઘ્નહર્તા ગણપતિનું પંચોપચાર પૂજન લખેલ છે. ષોડશોપચાર પૂજન પણ કરાવી શકાય.

ॐ नमो गणेभ्यो गणपतिभ्यश्चवो नमो नमो
व्रातेभ्यो व्रातपतिभ्यश्चवो नमो नमो ।
गृत्सेभ्यो गृत्सपतिभ्यश्चवो नमो नमो
विरूपेभ्यो विश्वरूपेभ्यश्चवो नमः ॥

श्वेताङ्गं श्वेतवस्त्रं सितकुसुमगणैः पूजितं श्वेतगन्धैः
क्षीराब्धौ रत्नदीपैः सुरनरतिलकं रत्न सिंहासनस्थम् ।
दोर्भिः पाशाङ्कुशाब्जाभयवरमनसं चन्द्रमौलिं त्रिनेत्रं
ध्याये शान्त्यर्थमीशं गणपतिममलं श्रीसमेतं प्रसन्नम् ॥
ॐ गं गणपतये नमः ध्यायामि ।

**गन्धम् :** (ગણપતિને ચંદન કંકુના ચાંદલા કરવા)
ॐ त्वाङ्गन्धर्वा अखनँस्त्वामिन्द्रस्त्वाम्बृहस्पतिः ।
त्वामोषधे सोमो राजा विद्वान्यक्ष्मादमुच्यत ॥

श्री खण्डं चन्दनं दिव्यं गन्धाढ्यं सुमनोहरम् ।
विलेपनं सुरश्रेष्ठ चन्दनं प्रतिगृह्यताम् ॥
ॐ गं गणपतये नमः गन्धम् समर्पयामि ।

**पुष्पाणि :** (ગણપતિને પુષ્પો અર્પણ કરવા)
ॐ ओषधीः प्रतिमोदद्ध्वम्पुष्पवतीः प्रसूवरीः ।
अश्वा इव सजित्वरी र्वीरुधः पारयिष्णवः ॥

माल्यादीनि सुगन्धीनि मालत्यादीनि वै प्रभो ।
मयानीतानि पुष्पाणि गृहाण परमेश्वर ॥
ॐ गं गणपतये नमः पुष्पाणि समर्पयामि ।

**दूर्वाङ्कुरार्पणम् :** (ગણપતિને દૂર્વા ચડાવવી)
ॐ काण्डात्काण्डात्प्ररोहन्ती परुषः परुषस्परि ।
एवानो दूर्वे प्रतनु सहस्रेण शतेन च ॥

विष्ण्वादि सर्वदेवानां दूर्वा वै प्रीतिदा सदा ।
वंशवृद्धिकरी नित्यं गणेशायार्पयाम्यहम् ॥
ॐ गं गणपतये नमः दूर्वाङ्कुरम् समर्पयामि ।

**धुपम् :** (ગણપતિ આગળ ધૂપ અગરબત્તી કરવી)
ॐ धूरसि धूर्व्व धूर्व्वन्तः धूर्व्वतंयोस्मान्धूर्व्वति तन्धूर्व्वयं व्वयन्धूर्व्वामः ।
देवानामसि व्वह्नितमः सस्नितमम्पप्रितमञ्जुष्टतमन्देवहूतमम ॥
वनस्पतिरसोद्भूतो गन्धाढ्यो गन्ध उत्तमः ।
आघ्रेयः सर्वदेवानां धूपोऽयं प्रतिगृह्यताम् ॥
ॐ गं गणपतये नमः धूपम आघ्रापयामि ।

दीपम् :— (ગણુપતિ આગળ ઘીનો દીવો કરવો)
ॐ चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्योऽअजायत ।
श्रोत्राद्वायुश्चप्राणश्च मुखादग्निरजायत ॥

साज्यं च वर्तिसंयुक्तं वन्हिना योजितं मया ।
दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापहम् ॥

ॐ गं गणपतये नमः दीपम् दर्शयामि ।

नैवेद्यम् :— (ગણુપતિ આગળ ગોળનું નૈવેદ્ય ધરાવીને તેમાં તુલસી દલ મુકવું)
ॐ अन्नपतेन्नस्यनो देह्यनमीवस्य शुष्मिणः ।
प्रप्रदातारन्तारिषऊर्जन्नोधेहिद्विपदे चतुष्पदे ॥

अन्नं चतुर्विधं स्वादु रसैः षड्भिः समन्वितम् ।
भक्ष्य भोज्यसमायुक्तं नैवेद्यं प्रतिगृह्यताम् ॥

(ત્યારબાદ ગાયત્રીમંત્ર બોલીને નૈવેદ્ય પર પાણી છાંટવું)
ॐ एकदन्ताय विद्महे
वक्रतुण्डाय धीमहि
तन्नोः दन्तिः प्रचोदयात् ॥

ધેનુમુદ્રા અને ગ્રાસમુદ્રા કરીને આ પ્રમાણે પાંચ વખત બોલવું
ॐ प्राणाय स्वाहा । ॐ अपानाय स्वाहा ।
ॐ व्यानाय स्वाहा । ॐ उदानाय स्वाहा ।
ॐ समानाय स्वाहा ।

ॐ गं गणपतये नमः नैवेद्यम् समर्पयामि ।

(ત્યારબાદ હસ્તપ્રક્ષાલન અને મુખપ્રક્ષાલન માટે બે આચમની જલ તરભાણામાં મુકવું)

कर्पूरारार्तिक्यम् : (ગણુપતિને કપૂરની આરતી કરવી)

कर्पूरगौरं करुणावतारं संसारसारं भुजगेन्द्रहारम् ।
सदा वसन्तं हृदयारविन्दे भवभवानी सहितं नमामि ॥

ॐ गं गणपतये नमः कर्पूरारार्तिक्यं दर्शयामि ।

(જાતે આરતી લઈને હાથ ધોઈને પછી પુષ્પ આરતી પરથી ફેરવીને ગણુપતિને ચઢાવવા)

क्षमापनम् : (ગણપતિને હાથ જોડીને પ્રાર્થના કરવી)
आवाहनं न जानामि न जानामि तवार्चनम् ।
पूजां चैव न जनामि क्षमस्व परमेश्वर ॥१॥
अन्यथा शरण नास्ति त्वमेव शरणं मम ।
तस्मात्कारुण्यभावेन रक्षस्व परमेश्वर ॥२॥
गत पाप गतं दुःखं गतं दारिद्र्यमेव च ।
आगता सुख संपत्ति पुण्योऽहं तव दर्शनात् ॥३॥
मंत्र हीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वर
यत्पूजितं मया देव परिपूर्णं तदस्तु मे ॥४॥
अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया ।
पुत्रोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वर ॥५॥
अर्पणम् : (જમણા હાથમાં પાણી રાખીને સંકલ્પ કરવો)

अनेन गन्धपुष्प धूप दीप नैवेद्यरूपैः पंचोपचारैः कृतपूजनेन श्री गणपति प्रीयतां न मम । ॐ तत्सदब्रह्मार्पणमस्तु ।

। इति गणपति पूजनम् ।

अथ पुण्याहवाचन प्रयोगः

પુણ્યાહવાચન કલશની અંદર ગંધ, અનાજ, સર્વૌષધી, દૂર્વા, પાંચ પાંદડાં, માટી, રત્ન, હિરણ્ય વગેરે મંત્રો બોલીને પધરાવ્યા પછી કલશને નાળાછડી બાંધીને ચાંદલા કરવા તેમજ કલશ ઉપર શ્રીફલ મૂકવું.

कलशं प्रार्थयेत् : (કલશને પ્રાર્થના કરવી)
नमो नमस्ते स्फटिकप्रभाय सुश्वेतहाराय सुमङ्गलाय ।
सुपाशहस्ताय झषासनाय जलाधिनाथाय नमो नमस्ते ॥
पाशपाणे नमस्तुभ्यं पद्मिनीजीवनायक ।
पुण्याहवाचनं यावत्तावत्वं सन्निधो भव ॥

---

**પુણ્યાહવાચન પ્રયોગ :-**

મંડપારોપણ તેમજ વિવાહ સંસ્કાર વિધિમાં ગણપતિ પૂજન પછી પુણ્યાહવાચન કરવું. આ પ્રયોગ સમયાનુસાર સંક્ષિપ્તમાં પાંચ વાકયોથી તેમજ વિસ્તારથી પણ કરી શકાય છે.

અહિં સંક્ષિપ્તમાં પુણ્યાહવાચન પ્રયોગ લખેલ છે.

ત્યારબાદ પુરોહિતે યજમાનનો એક પગ પાછળ કરાવીને બે હાથની અંજલીમાં કલશ આપવું.

મંત્ર – त्रीणिपदाविचक्रमे विष्णुर्गोपाऽअदाभ्यः ।
अतो धर्माणि धारयन् ॥
दीर्घानागा नद्यो गिरयस्त्रीणि विष्णुपदानि च ।
तेनायुः प्रमाणेन पुण्यं पुण्याहं दीर्घमायुरस्त्विति
भवन्तो ब्रुवन्तु ॥

બ્રાહ્મણોએ ત્રણ વખત બોલવું :
तेनायुः प्रमाणेन पुण्यं पुण्याहं दीर्घमायुरस्तु ।

કલશ અનાજના સ્થાપન ઉપર રખાવીને પછી પાંચ શ્લોકો વડે આશીર્વાદ આપવા.

१ ब्राह्म्यं पुण्यं महद्यच्च सृष्ट्युत्पादनकारकम् ।
वेदवृक्षोद्भवं नित्यं तत्पुण्याहं ब्रुवन्तु नः ॥
ॐ देवाः ॐ ब्राह्मणाः अस्य कर्मण पुण्याहं भवन्तो ब्रुवन्तु ॥
ॐ अस्तु पुण्याहम् (એમ ત્રણ વખત પુરોહિતે બોલીને યજમાનને આશીર્વાદ આપવા)

२ पृथिव्यामुद्धृतायां तु यत्कल्याणं पुरा कृतम् ।
ऋषिभिः सिद्धगन्धर्वैस्तत्कल्याणं ब्रुवन्तु नः ॥
ॐ देवाः ॐ ब्राह्मणाः । अस्य कर्मण कल्याणं भवन्तो ब्रुवन्तु ।
ॐ अस्तु कल्याणम् ॥ (ત્રણ વખત બોલવું)

३ सागरस्य यथा वृद्धिर्महालक्ष्म्यादिभिः कृता ।
सम्पूर्णा सुप्रभावा च तां च ऋद्धिं ब्रुवन्तु नः ॥
ॐ देवाः ॐ ब्राह्मणाः । अस्य कर्मणः ऋद्धिं भवन्तो ब्रुवन्तु ।
ॐ कर्म ऋद्ध्यताम् (ત્રણ વખત બોલવું)

४ स्वस्तिस्तु याऽविनाशाख्या पुण्यकल्याणवृद्धिदा ।
विनायक प्रिया नित्यं तां च स्वस्तिं ब्रुवन्तु नः ।
ॐ देवाः ॐ ब्राह्मणाः । अस्य कर्मणः स्वस्तिं भवन्तो ब्रुवन्तु ।
ॐ आयुष्मते स्वस्ति । (ત્રણ વખત બોલવું.)

संमुद्रमथनाज्जातो जगदानन्दकारिका ।
हरिप्रिया च माङ्गल्या तां श्रियं च ब्रुवन्तु नः ॥
મોં દેવા: મો ब्राह्मणाः अस्यकर्मणः श्रीरस्त्विति भवन्तो ब्रुवन्तु ॥
ॐ अस्तु श्रीः (ત્રણ વખત બોલવું)

संकल्प :—
अनेन पंचवाक्यैः पुण्याहवाचनेन कर्माङ्गदेवताः
श्री आदित्यादिनवग्रहाः प्रीयन्ताम् ॥

॥ इति पुण्याहवाचन प्रयोगः ॥

## ॥ अथ मातृकापूजन प्रयोग ॥

અવિઘ્નપૂજન, મંડપ માતૃકા પૂજન, ગૌરી પદ્મા વગેરે માતૃકાઓનુ પુજન શ્રી આદિ સપ્તવસોદ્ધારાનું પુજન કરવું.

માતૃકા પુજનમાં કુળદેવી ઉમિયા માતાનુ સ્મરણ કરવુ.

गौरी पद्मा शची मेधा सावित्री विजया जया ॥
देवसेना स्वधा स्वधा स्वाहा मतिरो लोकमातरः ॥

धृतिः पुष्टिस्तथा तुष्टिरात्मनः कुलदेवताः ।
गणेशेनाधिका ह्येता वृद्धौ पूज्याश्चतुर्दश ॥

ॐ भूर्भुवः स्वः सगणाधिपगौर्यादिमातृभ्यो नमः
इत्यनेन पंचोपचारैः सम्पूज्येत् ।

या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

### નવગ્રહ પૂજન :

ब्रह्मा मुरारि त्रिपूरान्तकारी भानुः शशी भूमिसुतो बुधश्च ।
गुरुश्च शुक्रः शनि राहुकेतव. सर्वेग्रहाः शान्तिकराः भवन्तु ॥

આ પ્રમાણે શ્લોક બોલીને કંકુ-ચોખા વાળું પુષ્પ નવગ્રહના સ્થાપન ઉપર ચઢાવવું.

### માણેક સ્તંભ, મંડપ સ્તંભ પૂજન :-

માણેક સ્તંભનું ષોડશોપચાર અથવા પંચોપચારથી પૂજન કરવું માણેક-સ્તંભની ચારે બાજુ ચાંદલા કરીને તેને મીંઢોળ-મોસીંગ બાંધવી, માણેક સ્તંભની સાથે મંડપ સ્તંભનું પૂજન કરવું.

ॐ भूर्भुवः स्वः नन्दिन्यादि मण्डप मातृभ्यो नमः ।

ત્યારબાદ પુરોહિતે કુટુંબના ચાર સભ્યોને બોલાવી તેમને તિલક કરી નાળાછડી બાંધવી. સૂર્યના સંક્રમણની દિશા પ્રમાણે તેમના હાથે માણેક સ્તંભ રોપાવીને પછી વર–કન્યાના જમણા હાથમાં મીંઢોળ-મોડાસીંગ બાંધવી. મંત્રોચ્ચાર કરવો.

ચાર બહેનોએ આવીને વર/કન્યાને તિલક કરીને માણેક સ્તંભને પણ તિલક કરી વધાવવું.

अनया पूजया नन्दिन्यादिमण्डपमातरः प्रीयन्तां न मम ॥

**ગ્રહશાન્તિ પ્રયોગ :–**

મંડપારોપણના દિવસે વર/કન્યાને ઘેર માણેક સ્તંભ રોપાયા બાદ મંડપની મધ્યમાં સ્થંડિલ તૈયાર કરીને સંક્ષિપ્તમાં ગ્રહશાન્તિ કરવી.

સંક્ષિપ્તમાં આયુષ્ય મંત્ર જપ, નાન્દીશ્રાદ્ધ, આચાર્યવરણાદિકર્મ, પંચભૂ સંસ્કાર, અગ્નિસ્થાપન, ગ્રહસ્થાપન, પ્રધાનહોમ, ઉત્તરપૂજન, બલિદાન પ્રયોગ, પૂર્ણાહુતિ હોમ, શ્રેયોદાન વગેરે કર્મ સમયની અનુકૂળતા પ્રમાણે કરવું.

| રાશી | વિવાહકર્મમાં માણેકસ્તંભ રોપવા માટે | કયા ખૂણામાં રોપવો |
|---|---|---|
| સૂર્યની રાશિ | વૃષભ, મિથુન, કર્ક | અગ્નિ ખૂણામાં |
| „ | સિંહ, કન્યા, તુલા | ઇશાન „ |
| „ | વૃશ્ચિક, ધન, મકર, | વાયવ્ય „ |
| „ | કુંભ, મીન, મેષ | નૈઋત્ય „ |

માણેકસ્તંભ શમીના કાષ્ટમાંથી બનાવાય છે. કયાંક ખેરનું એકજ કાષ્ટ લવીને તેના પ્રતીકરૂપે ભૂમિમાં રોપવામાં આવે છે. આ કાષ્ટ પ્રજાપતિ બ્રહ્માના પ્રતીક રૂપે છે. આ એક શુભ શરૂઆત છે. માણેક જેવો ઉજ્જવળ સ્તંભ વૈભવ પ્રાપ્તિનો સુચક છે.

**મંડપારોપણ – માંડવો :–** માણેકસ્તંભ રોપાયા બાદ માંડવો બાંધવો. માંડવાને દિવસે અન્ય પુજાપાની સાથે માણેકસ્તંભ, માટીનું પાત્ર, દેશાચાર પ્રમાણે નાળિયેરના ફળા (મોટા પાન) વગેરે તેમજ લાકડાની ચાર ખીંટી લાવવી.

**માંડવાનો માપ :–** માંડવાનો માપ ચાર હાથ એટલે કે અંદાજીત ૭ ફૂટનો રાખવો

# પ રિ શિ ષ્ટ

## ૧ સોપારી સગપણ - વાગ્દાન વિધિ :-

વર-કન્યાની જન્મપત્રિકા ઉપરથી જોડામેળ નક્કી થયા બાદ સમાજના રિવાજ પ્રમાણે સોપારી આપવાની વિધિ કરવી.

આ વિધિમાં વરપક્ષવાળાએ સોપારી ૧, ટોપરા અથવા શ્રીફળ ૧ રૂપિયો ૧, ગોળ અથવા સાકર સવા કિલો વગેરે લઇ અને કન્યાને ઘેર આવવુ. કન્યાપક્ષવાળાએ પોતાના કુટુંબીઓને ભેગા કરીને થાળીમાં સવા રૂપિયો અને સોપારી મૂકીને દરેક પાસે ફેરવવી. આ પ્રમાણે સગપણ નક્કી કરવું ત્યારબાદ સાકર વગેરે આપીને મીઠું મોઢું કરાવી શકાય છે.

હેતુ :- બધાના હાથમાં સોપારી ફેરવવા પાછળનો હેતુ એ છે કે બધાની ઇચ્છા અને સહમતિથી સગપણ નક્કી થયા છે. આ ઉપરાંત સોપારી અને શ્રીફળને પવિત્ર ફળ ગણવામાં આવતા હોવાથી સગપણ જેવા પવિત્ર કાર્યમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

સોપારી સગપણ એટલે વાગ્દાન વિધિ. વાગ્દાન વિધિ માટે સંસ્કૃતમાં સુંદર શ્લોકો પણ છે.

સર્વપ્રથમ કન્યાપિતાએ કહેવું કે, "વાણીથી આપેલ મારી કન્યાનો આપના પુત્ર માટે સ્વીકાર કરીને આપ સુખી થાવ"

वाचा दता मया कन्या पुत्रार्थे स्वीकृता त्वया ।
कन्यावलोकनविधौ निश्चिस्त्त्वं सुखी भव ॥

ત્યારબાદ વરપિતાએ કહેવું કે, "વાણીથી અપાયેલ આપની કન્યાનો મારા પુત્ર માટે સ્વીકાર કર્યો છે તેથી આપ સુખી થાવ"

वाचा दत्ता त्वया कन्या पुत्रार्थे स्वीकृता मया ।
वरावलोकनविधौ निश्चितस्त्वं सुखी भव ॥

## ૨ ચાંદલા વિધિ

સોપારી આપવાની વિધિ બાદ શુભ દિવસ નક્કી કરીને વરપક્ષ વાળા કુટુંબીઓએ કન્યાને ઘેર આવવું. વરપિતાએ સાડી–૧, (અન્ય પહેરવાના વસ્ત્રો સહિત) પગના સાંકળા જોડ-૧ નાકની ચૂક–૧, ગોળ અથવા સાકર સવા કિલો અને શુકનનો સવા રૂપિયો સાથે લઈ જવો

સોપારી આપવાની વિધિ સાથે પણ ચાંદલા વિધિ કરી શકાય છે. કન્યાને બાજોઠ ઉપર પૂર્વાભિમુખ બેસાડીને સૌભાગ્યવતી સ્ત્રીઓએ ચાંદલા વિધિ કરવી તેમજ વસ્ત્ર ઇત્યાદિ અર્પણ કરવા.

સોપારી સગપણ અને ચાંદલા વિધિ વખતે પુરોહિતે ચાંદલો કરવો તેમજ આશીર્વાદ આપવા.

स्वस्तिस्तु या विनाशाख्या धर्मकल्याण वृद्धिदा ।
विनायक प्रिया नित्यं ताञ्च स्वस्ति ब्रुवन्तु नः ॥१॥

नारदाद्या ऋषिगणा ये चान्ये च तपोधना ।
भवन्तु यजमानस्य ह्याशीर्वाद परायणाः ॥२॥

## ૩ લગ્નનો દિવસ નક્કી કરવા અંગે

લગ્નનો શુભ દિવસ નકકી કરવા માટે બન્ને પક્ષવાળાએ કન્યાને ઘેર ભેગા થવું બ્રાહ્મણ–પુરોહિત પાસેથી લગ્નનો યોગ્ય મુહૂર્ત કઢાવીને લગ્નનો શુભ દિવસ નકકી કરવો.

## ૪ લગ્નપત્રિકા લખવા અંગે

લગ્નના દિવસ પહેલા અનુકૂળતા પ્રમાણે બ્રાહ્મણ દ્વારા કન્યાને ઘેર લગ્ન લખાવવા.

લગ્નપત્રિકામાં સોપારી–૧, હળદરની ગાંઠ–૧, દુર્વા, અક્ષત કંકુ, સવા રૂપિયો ઇત્યાદિ રાખવો. ત્યાર બાદ નાડાછડી વડે લગ્નપત્રિકા બાધવી.

# ૫ વરને ઘેર લગ્નપત્રિકા મોકલવા અંગે

કન્યાપક્ષના બે જણ માંડવા પહેલાં અનુકૂળતાએ વરના ઘેર આવવું. કન્યાપક્ષવાળાએ આવેલ ભાઇઓને આસન ઉપર બેસાડી વરપક્ષની બહેનોએ લગ્નપત્રિકા અને કન્યાપક્ષના ભાઇઓને તિલક કરવું.

આમ કંકુ અને અક્ષત વડે લગ્નપત્રિકા વધાવવી. જે શુભદિવસે વરને ઘેર લગ્ન વધાવાય, તે જ દિવસે અને સમયે કન્યાને ચાંદલો કરીને વધાવવી.

નોંધ :- (અહિં લગ્નપત્રિકા તૈયાર કરેલ છે, જેમાં દેશાચાર પ્રમાણે ફેરફારને અવકાશ છે.)

## શ્રી શુભવિવાહ લગ્નપત્રિકા ☛

# શ્રી શુભવિવાહ લગ્નપત્રિકા

卐 । श्री गणेशाय नमः । 卐

| | | |
|---|---|---|
| वधू–वरौ<br>चिरञ्जीविनौ<br>सदा सुखिनौ<br>च भूयास्ताम |  | उभयोः<br>सम्बन्धिनोर्गेहे<br>श्रीयशो विद्या<br>वित्तमायुष्य चास्तु |

॥ श्री गणेशाय नमः ॥ ॥ श्री कुलदेवी उमियायै नमः ॥

स्वस्तिश्री सौख्यदात्री सुतजयजननी तुष्टिपुष्टि प्रदात्री
माङ्गल्योत्साकर्त्री गतभव सदसत्कर्मणां व्यञ्जयित्री ।
नानासंपद्विधात्री धनकुलयशसामायुषो वर्धयित्री
रिष्टापद्विघ्नहन्त्री गुणगणवसती लिख्यते लग्नपत्री ॥

स्वस्ति श्रीमन्नृपविक्रमार्कसमयातीत संवत ______ तमे वर्षे तथा च श्रीमद्भूपति शालिवाहनशके ____ प्रवर्तमाने ____ नाम संवत्सरे ____ श्रेन ____ ऋतौ मङ्गल्यप्रदे शुभकारिणि ____ मासे ____ पक्षे ____ तिथौ घटी ____ पल ____ परं ____ लग्नतिथौ ____ ____ वासरे ____ नक्षत्रे घटी ____ पल ____ परं ____ लग्नर्क्षे ______ योगे घटी ____ पल ____ परं ______ लग्नयोगे तात्कालिके ______ करणे ______ राशिस्थिते चन्द्रे ________ राशिस्थिते श्री सूर्ये ________ राशिस्थिते देवगुरौ एव पंचांगशुद्धौ ______ लग्ने स्टे. टाइम क. ____ मि. ____ समयें दिवा/रात्रौ/गोरजे ________ ग्रामस्य श्रीमतः ________ पितुश्च: ________ मातुः पुत्रः चि ______ श्री विष्णुरूपी वर: तथा च ________ ग्रामस्य श्रीमतः ______ पितुश्च: ______ मातुः ____ ____ पुत्री चि. ________ लक्ष्मीरुपिणी कन्या इत्यनयोः वरकन्ययोः पाणिग्रहण शुभं भूयात् ॥

| | | |
|---|---|---|
| वरनाम<br>वरगोत्र<br>वर राशि<br>सूर्यः<br>चण्द्रः<br>---<br>मंडप मुहूर्त समयः<br>ग्रहशान्ति समयः | । श्री अस्तु ।<br>। कल्याणमस्तु ।<br>। शुभ भवतु । | कन्या नाम<br>कन्या गोत्र<br>कन्या राशिः<br>गुरुः<br>चन्द्रः<br>---<br>हस्तमेलापक समयः<br>वर· वधू प्रयाण समयः |

# વિવાહ સંસ્કાર

## વરને તોરણે લેવાની વિધિ :

પોતાને ઘેર ગણપતિપૂજન, ગ્રહશાન્તિ ઈત્યાદિ ક્રિયાઓ થઈ ગયા પછી લગ્નને દિવસે સારા સુશોભિત વસ્ત્રાલંકાર ધારણ કરી પોતાના બંધુવર્ગની સાથે પોતાને ઘેરથી જાન લઈ કન્યાના પિતાને ઘેર જવા નીકળવું.

જ્યારે જાન આવે ત્યારે કન્યાના પિતા, અન્ય વડીલો તેમજ બહેનોએ ઘડી લઈને ગામના ઝાંપે વરરાજાનું સ્વાગત કરવું ગામના ઝાંપે બાંધેલ તોરણને વરે પોતાની તલવારનો સ્પર્શ કરાવવો. ત્યારબાદ કન્યાપિતાએ વરરાજાને પાણીના કોગળા કરાવવા.

વરરાજા જ્યારે જાનીવાસે આવે ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓએ નમણું નાવણ લઈને આવવું, તેમજ વાળંદ દ્વારા વરરાજાને પીઠી કરાવીને સ્નાન કરાવવું.

## વરને માયરે લેવાની વિધિ :

કન્યાપક્ષ તરફથી નક્કી થયેલ લગ્નના સમયનું સૂચન થતાં વરે સ્વજનો સાથે માયરે પધારવું. વરરાજા માયરે પધારે તે પહેલા પુરોહિતે ચોરી ચીતરી રાખવી,

જ્યારે વરરાજા માયરે પધારે ત્યારે વરપિતાએ નીચે મુજબની વસ્તુઓ સાથે લઈ જવાની છે.

૧) લગ્નપત્રિકા ૨) મોડ ૩) કંકણ

## વરને પોંખવાની વિધિ :

વરરાજાને પોંખવા માટે કન્યાપક્ષવાળાએ નીચે પ્રમાણેના પુંખામણા તેમજ અન્ય વસ્તુઓ તૈયાર રાખવી.

૧) ધૂંસરી ૨) મુશળ ૩) રવઇ ૪) ત્રાક ૫) ચરકલી

અન્ય વસ્તુઓ, બાજોઠ; પાટલો, પાણીનો લોટો, ચંદન, અક્ષત, સાકર, ચાર મૂઠીયા, નાડાછડી વીટેલા માટીના બે કોડીયાનો સંપૂટ.

સર્વપ્રથમ કન્યાની માતાએ કન્યાપક્ષની સ્ત્રીઓની સાથે મંગળ ગીતો ગાતાં વરરાજાને પોંખવા માટે આવવું સાથે પોંખવા માટેની સર્વસામગ્રી લાવવી.

કન્યાની માતાએ વરરાજા તેમજ અણવરને તિલક કરવું ત્યારબાદ પોંખવાના એક-એક સાધન ઉપર ઉપવસ્ત્રનો છેડો ઢાંકીને વરરાજાના ડાબા અંગથી જમણા અંગ તરફ જાય તેવી રીતે જાણે આરતી ઉતારતા હોઇએ તેમ ચાર વાર પોખવું. તે વખતે પુરોહિતે મંત્રોચ્ચાર કરવા.

પુંખામણાથી પોંખીને સર્વપુખામણા તોરણની ઉપરથી વરપક્ષના અણવરને આપવા.

ત્યારબાદ શખના ચાર મૂઠીયા ફેરવીને પૂર્વ વગેરે ચાર દિશાઓમાં નાખવા. તેમજ વરરાજા, અણવર અને કુમારકાને મીઠું મોઢું કરાવવું.

આટલી વિધિ થયા બાદ વરરાજાએ માટીના બે કોડિયાના સંપૂટ ઉપર જમણો પગ મુકીને માયરામાં જવું. પુરોહિતે વરરાજાને તિલક કરીને આસન ઉપર બેસાડવું. કન્યાના માતા-પિતાએ મંડપમાં ઉત્તરાભિમુખ બેસવું.

**વરરાજાને પોંખવાની સામગ્રીનો ભાવાર્થ :-**

પોખવાની વિધિ એટલે વરસ્વાગત અને રક્ષણની વિધિ પ્રાચીન ઋષિઓએ કહયો છે. એટલે કે પુંખામણાની વિધિએ આપણા પ્રાચીન ઋષિઓનો સંકેત છે જેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે. પુખામણામાં આવેલા પાંચ આકાર પાંચ આદર્શ સુચવે છે.

**૧ ધૂંસરી :**

ભારતીય સમાજમા આપણે ત્યા ધૂંસરીમાં બે બળદ જોડવામાં આવે છે. આ ગૃહસ્થાશ્રમ પણ એક ધૂંસરી છે. તેને સારી રીતે ચલાવનાર વર અને કન્યાએ સંસાર રથના બે પૈડા છે. સંસાર રથની ધૂસરી ઉપાડતી વખતે સમાન ગતિ હોયતો રથ ધ્યેય સુધી પહોંચી શકે.

**૨ મુશળ :**

મુશળ એટલે સાબેલું, સંસારરૂપી ખાંડણીમાં સુખ-દુ:ખ, હર્ષ-

શોકના પ્રસંગોમાં વર-કન્યાએ વારંવાર ખંડાવું પડશે.

આ ઉપરાંત જેમ ડાંગર ઉપર છોતરાં હોય છે તેમ વર-કન્યા ઉપર અહંકાર, ઘમંડના છોતરા હોય તોતે દૂર કરવા પડશે. વર-કન્યાએ ખંડાયા છતાં અક્ષત-આખા રહેવાનું છે.

3) રવઇ :-

વરના મુખની સામે રવઇ ફેરવવી એ પણ એક સુચક છે. દહીંને વલોવીને જેમ તેમાંથી નવનીત-માખણ તારવવામાં આવે છે. તેમ ગૃહસ્થાશ્રમરૂપી ગોળીમા ધર્મ-ફરજરૂપી રવઇથી દહીંને વલોવીને પ્રેમ-સ્નેહનું નવનીત તારવાનું છે. સારગ્રાહી થવાનું છે.

(૪) ત્રાક :-

રૂમાંથી ત્રાક દ્વારા જેમ સુતર તૈયાર કરવામાં આવે છે. તેવી રીતે જીવનમાં ગૃહસ્થાશ્રમની ત્રાકથી પ્રેમનુ સુતર તૈયાર કરવાનું છે. પ્રેમના કાચા તંતુથી એ બીજાના અંતર (હૃદય)ને વર-વધૂએ બાંધવાનું છે. ગૃહઉદ્યોગ પણ કરવાનો છે.

(૫) ચરકલી :-

વરના મુખની સામે ચરકલી ફેરવવી એ પણ આપણા પ્રાચીન ઋષિઓએ કરેલ સંકેત છે. જીવનમાં કયારેક કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર (ઇર્ષ્યા) નામના છ શત્રુઓ (ષંડરિપુ) પ્રવેશ કરે છે.

પરંતુ ગૃહસ્થાશ્રમમાં નૂતન પગલા માંડતા વર-વધૂએ આ છ શત્રુઓનો ત્યાગ કરવાનો છે.

જો ત્રણ ચરકલી હોયતો તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિક સુચવે છે. અને જો પાંચ ચરકલી હોય તો પંચ દેવ (ગણપતિ, શિવ, વિષ્ણુ, સૂર્ય, અંબા)નું પ્રતિક સુચવે છે

ચાર મૂઠીયા :-

ચુલાની રાખમાંથી મૂઠીયા બનાવવામાં આવે છે. વરરાજા ઉપર ફેરવવાનો આશય એ છે કે ચારે દિશાઓમાં રહેલા મલિન તત્વો તેનાથી દૂર કરી શકાય.

**સંપુટ ભેદન :-**

માટીના એ સંયુકત કોડીયાની માફક હવે વર-વધૂનું જીવન પણ સંયુકત બન્યુ છે. તેની આજુબાજુ નાળાછડી એ પ્રેમની નાળાછડી છે. જીવનમાં કયારેક કચડાઇ જવાનો પ્રસંગ આવે ત્યારે પણ સાથે રહેવું, પણ જુદા ન પડવું એવો ભાવ રહેલો છે.

એ કોડીયાની અંદર મંગલસુચક પદાર્થો જેવા કે પાણી, દહીં, ફૂલ, દૂર્વા, સરસવ વગેરે હોય છે. આ સંપુટ ફોડવા પાછળ વિજય પ્રસ્થાન પણ સુચવે છે.

**તોરણ :-**

પોંખતી વખતે બાંધેલુ તોરણ એક જાતની પ્રવેશ મર્યાદા સુચવે છે.

---

## સપ્તપદી

**સપ્તપદીનો ભાવાર્થ :-**

લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે; અને સપ્તપદી એ ચિર સહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે વિવાહ સંસ્થામાં સપ્તપદીનું આગવું મહત્વ છે. તેમાં કન્યા દરેક પગલે અનુક્રમે નીચે મુજબની સાત પ્રતિજ્ઞાઓ લે છે.

**પ્રથમ પ્રતિજ્ઞા :-**

પ્રથમ પ્રતિજ્ઞામાં વધૂનો પોતાના વર માટેનો ભાવ અભિવ્યકત થાય છે. પતિ તેને પોતાનું સર્વસ્વ લાગે છે. પતિને જ તે પોતાનું સૌભાગ્ય ગણે છે, એટલું જ નહિ પરંતુ આજથી તે તેના નામે કપાળે ચાંદલો કરી પોતાનું ભાગ્ય પતિ સાથે જોડી દે છે, પતિની પ્રાપ્તિને તે પોતાના જન્માન્તરના પુણ્યકર્મનું ફળ માને છે.

**બીજી પ્રતિજ્ઞા :-**

બીજી પ્રતિજ્ઞામાં તે સમગ્ર કુટુંબનું પાલન કરવાની તેમજ યથાલબ્ધ પદાર્થોમાં સંતોષથી રહેવાની ખાતરી આપે છે. કુટુંબના

નાના મોટા દરેક સભ્યને પોતાના પ્રેમ અને સેવાથી વશ કરી લેવાની જવાબદારી તે પોતાના શિરે લે છે. સંતોષ વગર સુખ નથી એ વાતની વધૂને પ્રતીતિ છે. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે. અરુંધતીએ વસિષ્ઠનો સંસાર આવો તેજસ્વી બનાવ્યો હતો અને તેથી જ લગ્ન વખતે વર-વધૂને અરુંધતીનો તારો દેખાડે એવો વિધિ છે. એ દ્વારા એવું સુચન કરાય છે કે તું પણ મારો સંસાર આવો તેજસ્વી બનાવજે

## ત્રીજી પ્રતિજ્ઞા :-

ત્રીજી પ્રતિજ્ઞામાં વધૂ આજ્ઞાપાલક બનવાની અને દરરોજ સ્વાદિષ્ટ અને મધુર રસોઇ જમાડવાની ખાતરી આપે છે મનગમતી રસોઇ એ જ મિષ્ટાન્ન ! સ્ત્રીએ રસોઇની રાણી કહેવાય છે. મારા પતિને હું જ જમાડીશ એવો મધુરભાવ એમાં રહેલો છે.

## ચોથી પ્રતિજ્ઞા :-

ચોથી પ્રતિજ્ઞામાં વધૂ સ્વચ્છ. પવિત્ર તેમજ શૃંગારથી યુકત રહેવાની વાત કરે છે. મન, વાણી અને કર્મથી તે પતિ જોડે જ રમમાણ રહેવાનું વચન આપે છે. સુઘડતા, સ્વચ્છતા. શણગાર વગેરે દામ્પત્ય જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે.

## પાંચમી પ્રતિજ્ઞા :-

પાંચમી પ્રતિજ્ઞામાં વધૂ સુખ-દુઃખમાં સમભાગિની બનવાની ખાતરી આપે છે. સુખ વહેંચવાથી વધે છે અને દુખ વહેંચવાથી વધે છે. આ રીતે સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરી સ્ત્રી સંસારમાં સ્વર્ગ સર્જે છે.

## છઠ્ઠી પ્રતિજ્ઞા :-

છઠ્ઠી પ્રતિજ્ઞામાં વધૂ ઘરના બધાજ કામો આનંદથી કરવાની, વડીલોની સેવા કરવાની તેમજ સગાસબંધીઓનો સત્કાર કરવાની પ્રતિજ્ઞા લે છે પતિ જ્યાં રહેશે ત્યાં અવશ્ય થઇને રહેવાની ખાતરી આપે છે તેમજ પતિ તરફથી પોતાને છેતરવામાં ન આવે તેવી પ્રાર્થના કરે છે.

**સાતમી પ્રતિજ્ઞા :-**

સાતમી પ્રતિજ્ઞામાં વધૂ કહે છે કે, હું યજ્ઞકર્મમાં તમારી જોડે જ રહીશ. ધર્મ, અર્થ, કામ સંબંધી કાર્યોમા તમારી ઈચ્છાને અધીન રહીશ.

પતિ જોડે યજ્ઞકાર્યમાં સાથે રહે તે જ પત્ની ગણાય; તેથી જ તો તેને સહધર્મચારિણી એવું બિરુદ આપવામાં આવ્યુ છે.

("સંસ્કૃતિ પૂજન" માંથી)

---

# સપ્તપદી :: લૌકિક ગાથા

**પહેલી પ્રતિજ્ઞા :** (જો ટાઇમ હોયતો ગાવી)

**વર :-** છે ધર્મ પત્ની નરનું અરધાંગ જાણ્યું,
અરધાંગ અર્પ્યું તુજને મનથી પ્રમાણ્યું;
તેથી સદા હૃદયમાં શુભ પ્રેમ ધારી,
રક્ષા કરૂં અરધ અંગ તણી તું નારી ।।૧।।

**કન્યા :-** જ્યાં જ્યાં જશો પ્રભુ ત્યાં હા તમ સાથ આવું,
છાયા રૂપે અનુસરી પતિની કહાવું
હો દુઃખ કે સુખ જરી મનમાં ન લાવું,
સેવા વિષે રહી સદા પતિ ગુણ ગાવું.।।૧।।

**બીજી પ્રતિજ્ઞા :**

**વર :-** પાળે કુટુંબ નહિ કલેશ જરા કરે તું,
વૃદ્ધો તણાં વચન નિત્ય શિરે ધરે તું;
કર્તવ્ય તારૂં મનમાં સમજે સદા તું,
પાળું સદા પ્રણયથી તુજને અરે હું. ।।૨।।

**કન્યા :-** પાળું કુટુંબ નહિ દ્રોહ ધરું જરાયે,
સેવા કરૂં વડીલની વિધિથી સદાયે;
ઇચ્છયું મળે નવ મળે સહું હર્ષ માંહે.
સ્વામી તણી થઈ રહું મન વાણી કાયે ।।૨।।

**ત્રીજી પ્રતિજ્ઞા :**

વર :- જોતું રહે નિત પતિવ્રત પાળનારી,
સંસાર કાર્ય અડધું તું ઉઠાવનારી,
વાણી મૃદુથી તનતાપ સમાવનારી,
પાળુ ગણી અધિક પ્રાણથી પ્રિય નારી. ॥૩॥

કન્યા :- ભક્તિ કરૂં પ્રભુ ગણી પતિ હું તમારી,
સ્વામિ તણા ચરણમાં રહું ભાવધારી;
વાણી વદી કરૂ સદા નહિ દુભનારી,
બોલું સદા મધુરવાક્ય વિનોદકારી ॥૩॥

**ચોથી પ્રતિજ્ઞા :-**

વર :- આજ્ઞાધારી શિરપરે સહુ સુખ દેતી,
સંસાર કાર્ય સુખ-દુઃખ વિભાગ લેતી;
એવી કુલીન પ્રમદા પર રાખી પ્રીત,
પાળું સદા હુ ધરી સજ્જન કેરિ રીત. ॥૪॥

કન્યા :- સ્વામી તણા સુખ વિષે રહું પૂર્ણ સુખી,
થાઓ કદી દુઃખી તમો થઉં હુંય દુઃખી;
એ રીતે નિત્ય સુખ-દુઃખ વિભાગી થાઉં,
આજ્ઞા તમારી સઘળી શિરથી ઉઠાવું. ॥૪॥

**પાંચમી પ્રતિજ્ઞા :-**

વર :- શાસ્ત્રાનુસાન સદા કહું પાળનારી,
થઈ ધર્મપત્નિ પગ સેવનારી;
સંસાર વારિનિધિ પાર ઉતારનારી,
છે ધન્ય જન્મ મુજ જો મળી ધર્મનારી. ॥૫॥

કન્યા :- થઇ સ્નાનથી ઋતુ થકી અતિશુદ્ધ દે હે,
ક્રીડા કરું નિજપતિ થકી નિત્ય ગેહે;
ચક્ષુ તથા મન થકી નગણું બીજાને,
માનું બીજા પુરુષ ભ્રાત-પિતા સમાને. ॥૫॥

છઠ્ઠી પ્રતિજ્ઞા :-

વર :- હુંયે નહિ ઠગું તને કદિ કોઇ કાળે,
સાક્ષી કયાં જગપતિ અતિચારૂં ચિત્તો;
પાળીશ અંગ ગણીને તુજને હું પ્રીતે,
તે ધર્મપત્ની સમજે નિજ ધર્મ નિત્યે. ॥૬॥

કન્યા : વાણી શરીર મનથી ઠગુ ના પતિને;
સાક્ષી કર્યા વચનના કમલાપતિને,
સાથે વસીશ જગમાં સુખથી સુપ્રીતે,
ના કલેશ થાય કદિ વર્તીશ તેવી રીતે. ॥૬॥

સાતમી પ્રતિજ્ઞા :

વર :- સંસાર કાર્ય સઘળાં દઇને સુધારી,
ધર્માર્થ કામ વિષયે બનું સહાયકારી;
આ લોહમાંકી સુરલોક બનાવનારી,
મુક્તિ તદા સહજ દંપતિની થનારી, ॥૭॥

કન્યા : વ્હેલી ઉઠી પતિ થકી ગૃહકાર્ય ત્યાગી;
યજ્ઞાદિ કાર્ય કરવા થઉં અર્ધભાગી,
ધર્માર્થ કામ સમયે રહું નિત્ય સાથે,
સર્વસ્વમેવ અર્પ્યું નિજનાથ હાથે ॥૭॥

॥=॥

# -: ભા વ ગી ત :-

**પ્રભુ ! નાનકડું ઘર મારું, ખરે તારું જ મંદિર હો !**

सानन्द सदनं सुताश्च सुधियः कान्ता प्रिय भाषिणी,
सन्मित्र सुधनं स्वयोषितिरति आज्ञापराः सेवकाः ।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे
साधोः सङ्गमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः ॥

૧ પ્રભુ, આનંદરુપે આપ મારા ઘર વિશે વસજો,
બનો ઉત્સાહનું એ સ્થાનને સૌનો વિસામો હો,
સુખીને સાથ એમાં હો દુઃખીને પણ દિલાસો હો,
પ્રભુ ! નાનકડું ઘર મારું સદા તારૂં જ મંદિર હો.

૨ થજો વેદોતણું ગર્જન અને ત્યાં પાઠ ગીતાનો,
વળી તારા બનેલા વિપ્રનું જયાં ભાવપૂજન હો,
રહે વાતાવરણ પાવન અને મંગલ દિશાઓ હો.
પ્રભુ ! નાનકડું ઘર મારું, સદા તારું જ મંદિર હો.

૩ પ્રભુના પુષ્પ સમ નાના મલકતા બાળ એમાં હો,
દીસે નિષ્પાપતા ચહેરે અને શૈશવ ખીલેલું હો,
ખરે તારાં જ સંતાનો, વલણ પણ તુજ તરફનું હો.
પ્રભુ ! નાનકડું ઘર મારુ, સદા તારું જ મંદિર હો.

૪ ગૃહિણી ઘવ દિસે સાચી બધું સૂનું વિના એના,
બની પ્રયવાહિની ભાર્યા, જીવન મુજ એ ભરી રહેજો,
નિહાળી એક બીજાને પરસ્પર સ્નેહવૃદ્ધિ હો,
પ્રભુ ! નાનકડું ઘર મારું, સદા તારું જ મંદિર હો.

૫ ધરે સીતાતણી આદર્શ એ, મમ રામ દૃષ્ટિમાં,
પરસ્પરને સુખી કરવા, રહે એ ખ્યાલ સૃષ્ટિમાં;
મધુરતા નાચતી સહુને રહો વાયુ સુગંધી હો.
પ્રભુ ! નાનકડું ઘર મારૂં, સદા તારું જ મંદિર હો

૬ ખરા મિત્રો અને સંતો ઘરે મુજ આવતા રહેજો,
અને સચ્ચાઇની લક્ષ્મી સદા ભવને વહી રહેજો;
પરસ્ત્રી માત હું માનું, પરાયું દ્રવ્ય માટી હો,
પ્રભુ ! નાનકડું ઘર મારૂં સદા તારૂં જ મંદિર હો !

૭ તને ગમતા અને તારાજ કામોમાં મતી રહેજો.
વધે શકિત છતાં ભકિત અને પ્રીતિ ચરણ તવ હો;
રહું બહુ દુષ્ટથી આઘો અને સંગત સુજનની હો,
પ્રભુ ! નાનકડું ઘર મારું, સદા તારુંજ મંદિર હો.

( પ્રેમપ્રવાહમાંથી )



# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લાઇન | અશુદ્ધ | શુદ્ધ | રીમાર્ક |
|---|---|---|---|---|
| | ૭ | સગત્યનું | અગત્યનું | અભિપ્રાય |
| | ૯ | કોઈપણ કોઈપણ | કેઈપણ | " |
| | ૯ | ત્યારે અને કોઇ | ત્યારે કોઈ | " |
| | ૧૬ | કાપ્યતીર્ય | કાવ્યતીર્થ | " |
| ૧ | ૫ | શિવહસ્યુતમ્ | શિવમસ્યુતમ્ | શ્લોક ૩ |
| ૧ | ૧૯ | નાહ.: | નાહાર: | " ૯ |
| ૨ | ૧૨ | બ્રાહ્યા | બાહ્યા | મંત્ર ૨ |
| ૪ | ૩ | परणात्यात् | वरणात्ययात् | શ્લોક ૧ |
| ૪ | ૧૭ | साग्राज्ञी | साम्राज्ञी | " ૩ |
| ૬ | ૧ | Mergine | Merging Marriage | માંથી |
| ૭ | ૬ | નીષ્ઠા | નિષ્ઠા | – |
| ૧૨ | ૧૨ | तङ्गत्वेन | तदङ्गत्वेन | સંકલ્પ માંથા |
| ૧૬ | ૩ | मांघता | मांघाता | શ્લોક ૬ |
| ૧૮ | ૩ | दणिण: | दक्षिणा: | |
| ૧૮ | ૫ | अशुभम् अशुभम् | अशुभम् | |
| ૧૯ | ૪ | पुष्यफल | पुण्यफल | |
| ૧૯ | ૧૦ | प्रघरस्य | प्रवरस्य | |
| ૧૯ | ૨૦ | रुमां | इमां | શ્લોક ૨ |
| ૨૦ | ૧૩ | વરમાલા કન્યાના કંઠમાં પહેરાવવી | વરમાલા વર•કન્યાનાં કંઠમાંપહેરાવવી (વરમાલા રોપણ વિધે) | |
| ૨૩ | ૧–૨ | ईदं | इदम | |
| ૨૩ | ૫ | द्वे७षासि | द्वेषा७ंसि | |
| ૨૩ | ૧૭-૧૮ | मुम्दयः | मुदम्यः | મંત્ર ૪ |
| ૨૩ | ૧૯–૨૦ | सहिताय | स७हिताय | |
| ૨૫ | ૨ | विणांहकर्मणि | विवाहकर्मणि | |
| ૨૫ | ૧૩ | बृच्चह | बृहच्च | |
| ૨૬ | ૧ | मंत्रणां | मंत्राणां | સંકલ્પ માંથી |
| ૨૬ | ૧૬ | ब्रह्मणोऽचिपतयें | ब्रह्मणोऽधिपतये | મંત્ર ૭ |
| ૨૬ | ૨૨ | स्त्रोत्यानामघिपये | स्रोत्यानामघिपयेत | મંત્ર ૧૦ |
| ૨૭ | ૧૨ | पर्वतामघिपतयें | पर्वतानामघिपतये | મંત્ર ૧૬ |
| ૨૮ | ૧ | रंतिमत्य | रतिमस्य | સંકલ્પમાંથી |
| ૨૯ | ૪ | अवपाम | आवपामि | મંત્ર ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | ૬ | અગ્નિ તેથી પ્રદક્ષિણા ફરી શકે વર–વધુના | અગ્નિ પ્રદક્ષિણા ફરી શકે તેથી વર–વધુના | પાણિગ્રહણ માંથી |
| ૩૨ | ૬–૭ | કરવાનો કરવાનો | કરવાનો | શ્રીફળહોમ માંથી |
| ૩૨ | ૧૧ | सुपूण्णा | पूण्णा | ,, |
| ૩૨ | ૧૧ | षुपूण्णा | सुपुण्णा | ,, |
| ૩૩ | ૧૫ | पुण्यौ | पुण्यैः | શ્લોક ૧ |
| ૩૩ | ૧૫ | कुतैः | कृतैः | ,, |
| ૩૪ | ૧૦ | अत्र | अह | શ્લોક ૬ |
| ૩૫ | ૩ | शतशृणुयाम | शत७शृणुयाम | મંત્ર ૧ |
| ૩૭ | ૧ | मितकुपेमगणैः | सितकुसुमगणैः | |
| ૩૭ | ૧ | क्षीरावधौ | क्षीराब्धौ | |
| ૩૭ | ૩ | मीम | मीश | |
| ૩૭ | ૧૦ | देय | देव | |
| ૩૯ | ૧૩ | पक्षाल्य | प्रक्षाल्य | |
| ૩૯ | ૨૪ | स्वसित | स्वस्ति | |
| ૪૦ | ૨૩ | सुमुखश्चकौ | सुमुखश्चैक | |
| ૪૧ | ૨૩ | परार्देध | परार्धे | સંકલ્પ માંથી |
| ૪૨ | ૧ | जम्बूपे | जम्बुद्विपे | ,, |
| ૪૨ | ૧ | परशुरामाश्रढीमे | परशुरामाश्रमे | ,, |
| ૪૨ | ૨ | श्रीमल्लवणारुब्धेतरे | श्रीमल्लवणारुब्धेरुत्तरे | ,, |
| ૪૨ | ૧૩ | ભામનુ | ગામનુ | |
| ૪૪ | ૬ | जलोम्दव | जलोंद्भव | શ્લોક ૪ |
| ૪૭ | ૩ | जनामि | जानामि | ,, ૧ |
| ૪૮ | ૮ | બ્રાહ્મણીએ | બ્રાહ્મણે | |
| ૪૯ | ૧૨ | स्वधा स्पधा | स्वधा | માતૃકા પૂજન |
| ૪૯ | ૧૪ | ध्येता | द्योता | ,, |
| ૪૯ | ૨૪ | મોસીંગ | મોઢાસીંગ | |
| ૫૦ | ૭ | પ્રીયમ્તાં | પ્રીયન્તાં | |
| ૫૦ | ૧૨ | અનુકુળા | અનુકૂળતા | |
| ૫૦ | ૧૪ | લવીને | લાવીને | |
| ૫૪ | ૬ | स बत्सदे | संवत्सरे | લગ્નપત્રિકા |
| ૫૬ | ૧૭ | કહ્યો | કહી | |
| ૫૭ | ૧૫ | ષંડરિપુ | ષડ્રિપુ | |
| ૫૯ | ૧૭ | દુઃખ વહેચવાથી વધે છે. | દુઃખ વહેંચવાથી ઘટે છે. | |
| ૬૩ | ૧૮ | પ્રયવાહિની | પ્રિયવાહિની | |
| ૬૩ | ૨૩ | સહુને | સહને | |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લાઇન | અશુદ્ધ | શુદ્ધ | રીમાર્ક |
|---|---|---|---|---|
| | ૭ | સગત્યનું | અગત્યનું | અભિપ્રાય |
| | ૯ | કોઈપણ કોઈપણ | કે ઈપણ | ” |
| | ૯ | ત્યારે અને કોઇ | ત્યારે કોઈ | ” |
| | ૧૬ | કાપ્યતીર્થ | કાવ્યતીર્થ | ” |
| ૧ | ૫ | શિવહચ્યુતમ્ | શિવમચ્યુતમ્ | શ્લોક ૩ |
| ૧ | ૧૯ | ન્નાહ.: | નાહાર: | ” ૯ |
| ૨ | ૧૨ | બ્રાહ્યા | બાહ્યા | મંત્ર ૨ |
| ૪ | ૩ | परणात्यात् | वरणास्ययात् | શ્લોક ૧ |
| ૪ | ૧૭ | साग्राज्ञी | साम्राज्ञी | ” ૩ |
| ૬ | ૧ | Mergine | Merging Marriage | માંથી |
| ૭ | ૬ | નીષ્ઠા | નિષ્ઠા | – |
| ૧૨ | ૧૨ | तङ्गत्वेन | तदङ्गत्वेन | સંકલ્પ માંથા |
| ૧૬ | ૩ | मांधता | मांधाता | શ્લોક ૬ |
| ૧૮ | ૩ | दणिण: | दक्षिणा: | |
| ૧૮ | ૫ | अशुभम् अशुभम् | अशुभम् | |
| ૧૯ | ૪ | पुष्यफल | पुण्यफल | |
| ૧૯ | ૧૦ | प्रधरस्य | प्रवरस्य | |
| ૧૯ | ૨૦ | रुमां | इमां | શ્લોક ૨ |
| ૨૦ | ૧૩ | વરમાલા કન્યાના કંઠમાં પહેરાવવી | વરમાલા વર•કન્યાનાં કંઠમાંપહેરાવવી (વરમાલા રોપણ વિધિ) | |
| ૨૩ | ૧–૨ | ईदं | इदम | |
| ૨૩ | ૫ | द्वेષાसि | द्वेषाષंसि | |
| ૨૩ | ૧૭–૧૮ | मुभ्दय: | मुदभ्य: | મંત્ર ૪ |
| ૨૩ | ૧૯–૨૦ | संहिताय | सષहिताय | |
| ૨૫ | ૨ | विणांहकर्मणि | विवाहकर्मणि | |
| ૨૫ | ૧૩ | बृच्चह | बृहच्च | |
| ૨૬ | ૧ | मंत्रणां | मंत्राणां | સંકલ્પ માંથી |
| ૨૬ | ૧૬ | ब्रह्मणोऽचिपतयें | ब्रह्मणोऽधिपतये | મંત્ર ૭ |
| ૨૬ | ૨૨ | स्त्रोत्यानामधिपये | स्रोत्यानामधिपयेत | મંત્ર ૧૦ |
| ૨૭ | ૧૨ | पर्वतामधिपतयें | पर्वतानामधिपतये | મંત્ર ૧૬ |
| ૨૮ | ૧ | रंतिमत्य | रतिमस्य | સંકલ્પમાંથી |
| ૨૯ | ૪ | अवपाम | आवपामि | મંત્ર ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | ૬ | અગ્નિ તેથી પ્રદક્ષિણા ફરી શકે વર–વધુના | અગ્નિ પ્રદક્ષિણા ફરી શકે તેથી વર–વધુના | પાણિગ્રહણ માંથી |
| ૩૨ | ૬–૭ | કરવાનો કરવાનો | કરવાનો | શ્રીફળહોમ માંથી |
| ૩૨ | ૧૧ | सुपूणा | पूणा | ״ |
| ૩૨ | ૧૧ | सुपूणा | सुपुणा | ״ |
| ૩૩ | ૧૫ | पुण्यौ | पुण्यो: | શ્લોક ૧ |
| ૩૩ | ૧૫ | कुतौ: | कृतो: | ״ |
| ૩૪ | ૧૦ | अत्र | अह | શ્લોક ૬ |
| ૩૫ | ૩ | शतशृणुयाम | शत७शृणुयाम | મંત્ર ૧ |
| ૩૭ | ૧ | सितकुंपेमगणे: | सितकुसुमगणे: | |
| ૩૭ | ૧ | क्षीरावंचौ | क्षीराब्धौ | |
| ૩૭ | ૩ | मीम | मीशं | |
| ૩૭ | ૧૦ | देय | देव | |
| ૩૯ | ૧૩ | पक्षाल्य | प्रक्षालय | |
| ૩૯ | ૨૪ | स्वसित | स्वस्ति | |
| ૪૦ | ૨૩ | सुमुखश्रकौ | सुमुखश्चैक | |
| ૪૧ | ૨૩ | परार्देंघ | परार्धे | સંકલ્પ માંથી |
| ૪૨ | ૧ | जम्बूपे | जम्बुद्विपे | ״ |
| ૪૨ | ૧ | परशुरामाश्र ढीमे | परशुरामाश्रमे | ״ |
| ૪૨ | ૨ | श्रीमल्लवणाब्धेतरे | श्रीमल्लवणाब्धेरुत्तरे | ״ |
| ૪૨ | ૧૩ | भामनु | ગામનું | |
| ૪૪ | ૬ | बलोव्दव | बलोद्भव | શ્લોક ૪ |
| ૪૭ | ૩ | जनामि | जानामि | ״ ૧ |
| ૪૮ | ૮ | બ્રાહ્મણીએ | બ્રાહ્મણે | |
| ૪૯ | ૧૨ | स्वधा स्पधा | स्वधा | માતૃકા પૂજન |
| ૪૯ | ૧૪ | ध्येता | ह्योता | ״ |
| ૪૯ | ૨૪ | મોસીંગ | મોઢાસીંગ | |
| ૫૦ | ૭ | પ્રીયમ્તાં | પ્રીયન્તાં | |
| ૫૦ | ૧૨ | અનુકુળા | અનુકૂળતા | |
| ૫૦ | ૧૪ | લવીને | લાવીને | |
| ૫૪ | ૬ | स बरसदे | संवत्सरे | લગ્નપત્રિકા |
| ૫૬ | ૧૭ | કહેયો | કહી | |
| ૫૭ | ૧૫ | ષ ડરિપુ | ષડ્રિપુ | |
| ૫૯ | ૧૭ | દુઃખ વહેંચવાથી વધે છે. | દુઃખ વહેંચવાથી ઘટે છે. | |
| ૬૩ | ૧૮ | પ્રયવાહિની | પ્રિયવાહિની | |
| ૬૩ | ૨૩ | સહુને | સહને | |

realpatidar.com

# સામાજિક નિવેદન

શ્રી

કચ્છ કડવા પાટીદાર

સમાજના ઠરાવમાં સ્વીકારેલક્રાંતકારી

કાર્યક્રમ સમુહ લગ્ન તથા છૂટક લગ્નનુ આયોજન

શ્રી ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાન મધ્યે ખુબજ સાદાઈથી

કરવામાં આવે છે. જેને દિન પ્રતિદિન સારો પ્રતિભાવ મળી રહેલ છે.

સમાજના દરેક ભાઈ-બહેનને અમારી વિનંતી છે કે આપ આપના બાળકોને

શ્રી ઉમિયા માતાજીના સાનિધ્યમાં પરણાવો અને માતાજીના શુભ

આર્શિવાદ મેળવી ખોટા ખર્ચનો બચાવ કરો. અને આ બચતને વિધવા

ઓના આસું લુછવા તથા આપણી ભાવિ પેઢીના

શિક્ષણ પાછળ વાપરો જેથી સમાજનો

એકધારો વિકાસ

થાય.

શ્રી
ઉમિયા માતાજી
સંસ્થાન વાંઢાય મધ્યે વિદ્વાન
બ્રાહ્મણ તથા લગ્ન માટેની જરૂરી
તમામ સામગ્રીની સુંદર વ્યવસ્થા કરવામાં
આવેલ છે. અમને આશા અને અપેક્ષા
છે આપ સમાજના ક્રાંતીકારી કાર્યક્રમમાં
જોડાઈ સમાજમાં શિક્ષણનો વધુ
ફેલાવો કરવા સાથ અને
સહકાર આપશો
જ.

**મંત્રી શ્રી,**

**શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ**